# JIN DARSHAN POOJA

## VIDHI AVIDHI ILLUSTRATED


જલ પૂજા


ચંદન પૂજા


પુષ્પ પૂજા



# જિન દર્શનપૂજા

## વિધિ-અવિધિ (સચિત્ર)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



શત્રુંજય તીર્થાધિપતિ શ્રી આદિનાથ ભગવાન



# શાશ્વત મહાતીર્થ

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ......એક મિનિટ......

પૂજાના કપડાવાળા ફોટાઓ જોઈને અને પેંટ શર્ટવાળા ફોટા ન હોવાથી 'આ પુસ્તક માત્ર પૂજા કરનાર વ્યક્તિઓને માટે ઉપયોગી છે' એમ માનવું નહીં... દર્શન કરનાર વ્યક્તિઓ માટે પણ આ પુસ્તક તેટલું જ ઉપયોગી છે. કેમકે અંગપૂજાવિષયક વિધિ-અવિધિ છોડીને બાકીની બધી વિધિ-અવિધિ દર્શન કરનારમાટે પણ મહત્ત્વની છે. તેથી દર્શનાર્થીઓ પુસ્તકના માધ્યમથી વિધિ-અવિધિનું જ્ઞાન જરૂર પ્રાપ્ત કરીને વિધિયુકત દર્શન કરી શકે. પુસ્તકમાં પૂજાની વિધિ અનુરૂપ ક્રમશ : ફોટા તથા વિધિ-અવિધિનું સંકલન કર્યું છે. તેથી એ જ ક્રમથી વિધિયુકત દર્શન-પૂજા કરવા અને અજ્ઞાનતાના કારણે થઇ જતી અવિધિને દૂર કરવી.

## ......દેરાસરમાં નહીં લઇ જવા યોગ્ય સામગ્રી......

બીસ્કીટ, પીપરમેંટ, ચોકલેટ, અભક્ષ્ય મીઠાઇ, જાંબુ, બોર આદિ તુચ્છ ફલ, સુગંધરહિત ફૂલ, પાનમસાલા, સીગરેટપેકેટ, માણિકચંદ ગુટકા, દવા-ટેબલેટ્સ આદિ ખાન-પાનની પૂજામાં અનુપયોગી સામગ્રી તથા બામ, મલમ વગેરે તથા સ્કુલે જતા વિદ્યાર્થીએ ખભાપરથી દફતર ઉતારવામાં આળસ ન કરવી. નાસ્તાનો ડબ્બો વગેરે દેરાસરમાં લઈ ગયા બાદ એ નાસ્તો કરી શકાય નહીં. દેરાસરના વાસણો થાલી, કુંડી, ડોલ, વાટકી વગેરે સ્ટીલના વાપરવા જોઇએ નહીં.

## ......દેરાસરમાં લઇ જવા યોગ્ય સામગ્રી......

પંચામૃતના સાધન, અંગલુંછના, ચંદન, બરાસ, સુગંધિત ફૂલ, ધૂપ, દીપક, પંખો, દર્પણ, ચામર, ચોખા, ફલ, નૈવેદ્ય, આંગીની વિવિધ સામગ્રી, તથા અન્ય પણ દેરાસરમાં ઉપયોગી સામગ્રી આવશ્યક હોય તે લઈને જવું. સોના, ચાંદી, કાંસું, તાંબું, પીત્તળ, જર્મન સીલ્વરના વાસણો વાપરવા જોઇએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# જિનદર્શનપૂજા

## વિધિ-અવિધિ (સચિત્ર)


સંશોધક : પરમ પૂજ્ય વિદ્વાન આ.દે. શ્રી અભયશેખરસૂરીશ્વરજી મહારાજ

સંયોજક : પરમ પૂજ્ય મુનિરાજશ્રી દિવ્યરત્ન વિ. મહારાજ

આલેખક : પરમ પૂજ્ય પંન્યાસશ્રી અજિતશેખર વિ. ગણિ મહારાજ

સહયોગ : પરમ પૂજ્ય પંન્યાસશ્રી વિમલબોધિ વિ. ગણિ મહારાજ



: પ્રકાશક :

અર્હં પરિવાર ટ્રસ્ટ

મુંબઈ « બેંગલોર « મદ્રાસ « વિજયવાડા



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## પ્રાપ્તિસ્થાન

**MUKESH JAIN**
Multy Graphics
18, Khotachi Wadi,
Vardhaman Building, 3rd Floor,
V. P. ROAD, MUMBAI - 400 004.
Phone : 23873222

**DEEPAK FURIA**
Trishla Enterprise
305/B, Fort, Foundation,
N. M. Road Exe.,
Fort, MUMBAI - 400 001.
Phone : 9867580227

**HIMANSHUBHAI**
C/o. Power Control
Room No.4, Ismail Building,
2nd Floor, 33, Pathak Wadi,
Loharchawl, MUMBAI - 400 002.
Phone : 2200278

**VARDHAMAN SANSKAR DHAM**
**(IN ALL KENDRA)**

**VINODBHAI DODHIYA**
403, Sursa Apartment,
4th Floor, Sarvoday Nagar,
Mulund (west),
MUMBAI - 400 080.
Phone : 25681999

કિંમત : 75/- પ્રથમ આવૃત્તિ : સં. ૨૦૬૨

(c) સર્વ હક્ક પ્રકાશકને આધીન છે.

# અર્હં પરિવાર ટ્રસ્ટ

**અર્હં પરિવારના પુસ્તકો આજીવન મેળવવા માટે રૂ.1008/- ભરી સભ્ય બનવા વિનંતી છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



ત્રિલોકનાથ



શાંતિકારક



કર્મમુક્તિપ્રદાયક



કરુણાસાગર



ત્રિપદી પ્રકાશક



જગદાલંબન



બોધિદાયક



ત્રિભુવનતારક



તીર્થસ્થાપક

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

॥ શ્રી સિદ્ધાચલમંડન ઋષભદેવાય નમઃ ॥ ॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

વિજય પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત-જયશેખર-અભયશેખર સૂરિભ્યો નમઃ

# ભાવે જિનવર પૂજીએ



આત્મોન્નતિનો પાયો છે જિનભક્તિ. પણ જ્યાં સુધી જિનદર્શન પૂજાની વિધિ-અવિધિનો ખ્યાલ ન હોય, ત્યાં સુધી દર્શન-પૂજા કરવા છતાં એવી ભક્તિ ઉઠતી નથી, અને ચિત્તપ્રસન્નતાનો અનુભવ થતો નથી.

બાર્શી ચાતુર્માસ વખતે ભગવાનની પૂજામાં કયાં અવિધિ થાય છે, અને ત્યાં વિધિ શું છે ? તેઅંગે માર્ગદર્શન આપવા પ્રેક્ટીકલ પૂજાનો કાર્યક્રમ રાખેલો. એ પછી બધાની માંગણી હતી અવિધિ અને વિધિ બન્નેનું માર્ગદર્શન આપતી સચિત્ર પુસ્તિકા પ્રકાશિત થાય તો સારું. તેથી હિન્દીમાં જિનદર્શન-પૂજા વિધિ-અવિધિ પુસ્તક તૈયાર કરેલુ.

લોકો તરફથી એ પુસ્તકને જબરદસ્ત પ્રતિભાવ મળ્યો. ગુજરાતીમાં આવું પુસ્તક જરુરી છે એવા સૂચનો થવાથી હવે કેટલાક સુધારાસાથે આ ગુજરાતી આવૃત્તિ બહાર પડી રહી છે. લોકો આવકારશે અને એના ઉપયોગથી વિધિને સમજી ભક્તિથી પૂજા કરી ઉન્નતિ સાધશે એવી શુભેચ્છા છે.

પૂજા વગેરે અંગે નાના-મોટા ઘણા મતાંતરો સંઘમાં પ્રવર્ત્રે છે તેથી આ પુસ્તકમાં બતાવેલી વિધિઓ અંગે પણ મતભેદ હોઈ શકે. તે વખતે પોતાને માન્ય ગીતાર્થ ગુરુભગવંતના માર્ગદર્શન મુજબ વર્ત્તવાની ભલામણ છે.

જે કાંઇ જિનાજ્ઞા વિરુદ્ધ હોય,
તે માટે મિચ્છામિ દુક્કડમ્

- અજિતશેખર વિજય

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



પરમ પૂજ્ય
ગચ્છાધિપતિ આચાર્યદેવ
શ્રીમદ્ વિજય
ભુવનભાનુ સૂરીશ્વરજી
◄ મહારાજ સાહેબ



પરમ પૂજ્ય
અધ્યાત્મયોગી આચાર્યદેવ
શ્રીમદ્ વિજય
કલાપૂર્ણ સૂરીશ્વરજી
મહારાજ સાહેબ ►

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## • વાંચતા પહેલાં

દેરાસરમાં દર્શન-પૂજા કરવા જતી વખતે પાંચ પ્રકારના અભિગમ (વિનય) તથા દશત્રિકનું પાલન કરવું જોઈએ.

## • પાંચ અભિગમ

૧. સચિત્તનો ત્યાગ : દેરાસરમાં કોઈપણ પૂજામાં કામ નહીં આવનારી ખાન-પાન આદિ ચીજોનો દેરાસરની બહાર જ ત્યાગ કરવો.

૨. અચિત્તનું ગ્રહણ : પૂજા યોગ્ય સામગ્રી ગ્રહણ કરવી. અર્થાત્ તે સામગ્રી લઈને દેરાસર જવું. પરન્તુ ખાલી હાથે જવું નહીં.

૩. ઉત્તરાસન : ખેસનું પરિધાન કરવું.

૪. અંજલિ : બે હાથજોડીને ભગવાનને પ્રણામ કરવા.

૫. પ્રણિધાન : મન, વચન, કાયાને પ્રભુભક્તિમાં એકાગ્ર રાખવાં.

## • દશત્રિક

૧. પ્રણામત્રિક : ૧) અંજલિબદ્ધ પ્રણામ : દેરાસરમાં પ્રવેશ સમય પરમાત્માના દર્શન થતાં કરવા.

૨) અર્ધાવનત પ્રણામ : ગભારાની પાસે કરવા.

૩) પંચાંગ પ્રણિપાત પ્રણામ : ખમાસમણા આપતી વખતે કરવા.

૨. નિસીહીત્રિક : ૧) પ્રથમ નિસીહી : દેરાસરમાં પ્રવેશ સમયે મુખ્યદ્વાર ઉપર બોલવી.

૨) બીજી નિસીહી : ગભારામાં પ્રવેશ કરતી વખતે બોલવી.

૩) ત્રીજી નિસીહી : ચૈત્યવંદનની પહેલાં બોલવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

૩. પ્રદક્ષિણાત્રિક : દર્શન અથવા પૂજા કરતા પહેલાં જ્ઞાન, દર્શન ચારિત્રની પ્રાપ્તિ હેતુ ત્રણ પ્રદક્ષિણા આપવી.

૪. પૂજાત્રિક : ૧) અંગપૂજા : પ્રક્ષાલ પૂજા, બરાસ પૂજા, ચંદન પૂજા, પુષ્પ પૂજા.

૨) અગ્રપૂજા : ધૂપ પૂજા, દીપ પૂજા, અક્ષત પૂજા, નૈવેદ્ય પૂજા, ફૂલ પૂજા, તથા ચામર દર્શન અને પંખો વિંઝવો.

૩) ભાવ પૂજા : ચૈત્યવંદન કરવું.

૫. અવસ્થાત્રિક : પિંડસ્થઅવસ્થા, પદસ્થઅવસ્થા, રૂપાતીત અવસ્થા આ ત્રણ પ્રકારની અવસ્થાનું ચિંતન કરવું.

૬. પ્રમાર્જનત્રિક : ચૈત્યવંદનની પહેલાં ત્રણ વાર ભૂમિનું પ્રમાર્જન કરવું.

૭. દિશાત્યાગત્રિક : ચૈત્યવંદન કરતી વખતે પ્રભુની દિશાને છોડી શેષ ત્રણ દિશાનો ત્યાગ કરવો.

૮. આલંબનત્રિક : સૂત્રાલંબન, અર્થાલંબન, પ્રતિમા આલંબન, ચૈત્યવંદન કરતી વખતે આ ત્રણનું આલંબન રાખવું.

૯. મુદ્રાત્રિક : યોગમુદ્રા : ચૈત્યવંદનના નીચેના સૂત્રો સિવાય બધાય સૂત્રો આ મુદ્રામાં બોલવા.

મુક્તાશુક્તિ મુદ્રા : જાવંતિ ચેઈયાંઈ, જાવંત કેવિ. જયવીયરાય સૂત્ર આ મુદ્રામાં બોલવા.

જિન-કાઉસ્સગ્ગ મુદ્રા : કાઉસ્સગ્ગ આ મુદ્રામાં કરવો.

૧૦. પ્રણિધાનત્રિક : મનનું પ્રણિધાન, વચનનું પ્રણિધાન, કાયાનું પ્રણિધાન. ચૈત્યવંદન કરતી વખતે આ ત્રણનું પ્રણિધાન કરવું અર્થાત્ સ્થિર રાખવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........પૂજાના કપડા પહેરવામાં અવિધિ...........

- × ખેસ ઊંધો પહેરવો અર્થાત્ પોતાનો ડાબો ખભો ખુલ્લો રહે તે રીતે ખેસ પહેરવો.
- × ધોતીયું અને ખેસથી વધારે કપડા વાપરવા.
- × પુરુષોએ રૂમાલનો ઉપયોગ કરવો.
- × બહેનોએ રૂમાલનો ઉપયોગ ન કરવો.
- × માત્ર ધોતીયું પહેરવું, ખેસ નહીં રાખવો. અથવા ધોતીયાના અર્ધાભાગને ઉપર લઈને ખેસ કરવો. જેથી પેટ વગેરે ખુલ્લા રહે.
- × પૂજાનાં કપડાથી પરસેવો તથા નાક વગેરે સાફ કરવા.
- × પૂજાના કપડા ગંધાતા રાખવા.
- × પૂજા માટે પેંટ/શર્ટ અથવા પાયજામા-ઝભ્ભાનો ઉપયોગ કરવો.
- × દેરાસરનાં કપડા વાપરવા અને પછી જયાં ત્યાં નાખીને જતાં રહેવું.
- × અન્ય કોઈ પ્રસંગમાં વાપરેલાં કપડાંનો ધોઈને કે ધોયા વગર ઉપયોગ કરવો.
- × પૂજાનાં કપડામાં સામાયિક કરવું.
- × પૂજાના કપડામાં કંઈ પણ ખાવું-પીવું, એકી-બેકી જવું.
- × મહિનાઓ સુધી પૂજાનાં કપડાં ધોવા નહીં અને દુર્ગંધવાળા રાખવા.
- × બહેનોએ પૂજાના કપડાં તરીકે પંજાબી ડ્રેસ વગેરે કપડાં રાખવા.

**NOTE : ઘરથી સ્કુટર આદિ ઉપર તથા સ્લીપર આદિ પહેરીને પૂજા માટે જવું એ વિધિ નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........પૂજાના કપડા પહેરવાની વિધિ............

✓ પોતાનો જમણો ખભો ખુલ્લો રહે તે પ્રમાણે ખેસ પહેરવો.

✓ ધોતીયું /ખેસ થી વધારે કપડાં નહીં પહેરવાં.

✓ પુરુષોએ રૂમાલ ન વાપરવો. બહેનોએ રૂમાલ વાપરવો.

✓ દહેરાસરમાં માત્ર ધોતીયું પહેરીને ક્યારે પણ ન જવું. ખેસનો ઉપયોગ અવશ્ય કરવો. પેટ આદિ ન દેખાય તે રીતે કપડા પહેરવા.

✓ પૂજાનાં કપડાં થી પરસેવો તથા શ્લેષ્મ વગેરે સાફ કરવા નહીં. એકી-બેકી જવું નહીં.

✓ પૂજાના કપડાં બિલકુલ સાફ રાખવા.

✓ પૂજાના કપડાં તરીકે પેંટ/શર્ટ - પાયજામા/ઝભ્ભાનો ઉપયોગ કરવો નહીં.

✓ પૂજાના કપડા પોતાના વાપરવા અને જો દેરાસરના કપડાં હોય તો પૂજા કર્યા પછી તેને વ્યવસ્થિત મૂકી દેવા.

✓ પૂજાનાં કપડા અન્ય કોઈ પ્રસંગમાં વાપરવા નહીં.

✓ પૂજાનાં કપડા પહેરીને સામાયિક કરવું નહીં.

✓ પૂજાનાં કપડામાં કંઈ પણ ખાવું પીવું નહીં.

✓ રોજ કપડાં ધોવા જોઈએ અથવા રોજ ગળેલાં પાણીમાં ભીંજવીને કોમલ હાથે નીચોવીને સૂકવી દેવા.

✓ બહેનોએ પૂજાના કપડાં તરીકે સાડી વગેરે ઉચિત કપડા વાપરવા.

**NOTE :** ઘરમાં સ્નાન કરીને બીજાં કપડાં (કોરા) પહેરીને દહેરાસર જવું, ત્યાં પૂજાના કપડાં પહેરીને પૂજા કરવી તે આપવાદિક છે. વિધિ નથી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પગ ધોવામાં અવિધિ



- × નળની નીચે પગ ધોવા.
- × અણગળ પાણીથી પગ ધોવા.
- × નિગોદવાળી જમીનપર પગ ધોવા અથવા પગ ધોયેલું પાણી તેવા સ્થાને જાય.
- × પગ ધોયા પછી પાણીનું વાસણ ખુલ્લું રાખવું.
- × વધારે પડતાં પાણીથી પગ ધોવા તથા પગને પગ સાથે ઘસીને પગ ધોવા.

**આનાથી પાણીના અને પાણીમાં રહેલા જીવોની હિંસા થાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પગ ધોવાની વિધિ



- ✓ ડોલમાં ભરેલા પાણીને ગ્લાસ વગેરે સાધનથી લઈને પગ ધોવા.
- ✓ ગાળેલું પાણી જ વાપરવું.
- ✓ જ્યાં નિગોદ ન હોય ને જ્યાંથી પાણી વહીને નિગોદ આદિમાં ન જાય એવી જગ્યાએ પગ ધોવા.
- ✓ પગ ધોયા પછી ડોલ ઢાંકી દેવી. ગ્લાસ પણ ઊંધો મૂકી દેવો.
- ✓ બન્ને પગને એકબીજા સાથે ઘસ્યા વગર અલ્પ પાણીથી પગ ધોવા.

**આનાથી પાણીના તથા પાણીમાં રહેલા જીવોની હિંસાથી બચી શકાશે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........દહેરાસરમાં પ્રવેશ વખતની અવિધિ............



× પરમાત્માના દર્શન થતા હાથ જોડીને પ્રણામ નહીં કરવા તથા ‘‘નમો જિણાણં’’ બોલવું નહીં અથવા જોરશોરથી બોલવું.

× વાતો કરતા કરતા તથા ઝૂક્યા વિના પ્રવેશ કરવો.

**NOTE :** વિદ્યાર્થીઓએ સ્કુલબેગ અથવા લંચબોકસ તથા અન્ય વ્યકિતઓએ કોઈપણ ખાદ્ય વસ્તુઓ સાથે રાખીને પ્રવેશ કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દહેરાસરમાં પ્રવેશ વખતની વિધિ



✓ પરમાત્માના દર્શન થતા બે હાથ જોડી માથું નમાવી પ્રણામ કરવા તથા "નમો જિણાણં" ધીરે સ્વરમાં બોલવું.

✓ મૌનપૂર્વક પ્રવેશ કરવો. તથા કિંચિત્ ઝુકીને પ્રવેશ કરવો.

**NOTE :** વિદ્યાર્થીઓએ સ્કુલબેગ, લંચબોક્સ વગેરે બહાર રાખવા તથા અન્ય વ્યક્તિઓએ પણ ખીસ્સામાં રહેલી વ્યસનની વસ્તુઓ અથવા કોઈપણ ખાવા-પીવા વગેરેની પૂજામાટે અનુપયોગી સામગ્રી બહાર રાખવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પહેલી નિસીહીમાં અવિધિ

× દહેરાસરનાં મુખ્ય દ્વાર પર ''નિસીહી'' બોલ્યા વિના પ્રવેશ કરવો.

× ભગવાન દેખાતા હોય, તો પણ 'નમો જિણાણં' નહીં બોલવું.

× ઝુક્યા વિના પ્રવેશ કરવો. પ્રવેશ કર્યા પછી સાંસારિક વાતો કરવી, જેમકે ''તમારા સગપણ ક્યારે થયા ?'' ઈત્યાદિ. આનાથી ''નિસિહી'' નો ભંગ થાય છે.

× દહેરાસરના આવશ્યક કાર્યનાં વિષયમાં સૂચના આપવી જરૂરી હોય છતાં આપવી નહીં અને દહેરાસરની સફાઈ વગેરે કરવી નહીં.



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પહેલી નિસીહીમાં વિધિ

- ✓ દહેરાસરના મુખ્ય દ્વારપર "નિસીહી - નિસીહી - નિસીહી" બોલીને પ્રવેશ કરવો. ભગવાન દેખાતા હોય, તો નમો જિણાણં બોલવું.
- ✓ કિંચિત્ નમીને દ્વારશાખનો હાથથી સ્પર્શ કરી કપાલ ઉપર હાથ લગાવવો એક વિનય છે.
- ✓ સાંસારિક વાતોનો સર્વથા ત્યાગ કરવો. જેનાથી "નિસીહી"નું પાલન થાય છે.
- ✓ દેરાસર સંબંધી આવશ્યક સૂચના આપવી અને સફાઈ કામ સ્વયં કરવું.



**સ્નાનથી તનની શુદ્ધિ થાય છે. ત્રણ પ્રકારની નિસીહી બોલવાથી મન-વચનની શુદ્ધિ થાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# ઘંટનાદ કરવામાં અવિધિ

- પ્રવેશ સમયે તથા જતી વખતે ઘંટનાદ કરવો નહીં.
- જોરથી ઘંટનાદ કરવો. આમ કરવાથી બીજાઓને પોતાની આરાધનામાં વિક્ષેપ પડે છે.
- મનફાવે ત્યારે ઘંટ વગાડવો અથવા વારંવાર ઘંટ વગાડવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# .....ઘંટનાદ કરવામાં વિધિ..........



- ✓ દેરાસરમાં પ્રવેશ કરતી વખતે ઘંટનાદ કરવો. આનાથી પ્રભુદર્શનનો આનંદ પ્રગટ થાય છે.
- ✓ દહેરાસરની બહાર જતી વખતે ઘંટનાદ કરવો. આનાથી પ્રભુદર્શન-પૂજા કરવાથી પ્રાપ્ત થયેલ આનંદ પ્રગટ થાય છે.
- ✓ ઘંટનાદ કરતી વખતે ઘંટ ધીરેથી એક જ વાર વગાડવો. આનાથી બીજાઓને પોતાની આરાધના કરવામાં સુવિધા રહે છે.

**પૂજા કરતી વખતે શરીર ખંજવાળવું નહીં.**
**પૂજાની આંગળીપર મૂલ્યવાન વીંટી પહેરવી.**
**ઘડિયાલ પહેરી દેરાસર જવું ઉચિત નથી.**
**બગાસા ખાવાથી કે વાછૂટ કરવાથી દોષ લાગે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રદક્ષિણા દેવામાં અવિધિ



- × પ્રદક્ષિણા જ આપવી નહીં. અથવા એક કે બેવાર આપવી.
- × પૂજા કર્યા પછી પ્રદક્ષિણા આપવી, પોતાની જમણી બાજુ તરફ ફરીને પ્રદક્ષિણા આપવી.
- × દર્શન /પૂજાને યોગ્ય સામગ્રી હાથમાં રાખ્યા વિના પ્રદક્ષિણા આપવી.
- × વાતો કરતા કરતા પ્રદક્ષિણા આપવી.
- × પ્રદક્ષિણા અધૂરી છોડીને અન્ય કાર્ય કરવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રદક્ષિણા દેવાની વિધિ



- ✓ નીચે જોઈને ચાલતા ચાલતા ત્રણ પ્રદક્ષિણા આપવી.
- ✓ ક્રમમાં આવે ત્યારે પ્રદક્ષિણા આપવી. પોતાની ડાબી બાજૂ તરફથી પ્રદક્ષિણાનો પ્રારંભ કરવો.
- ✓ દર્શન/પૂજાને યોગ્ય સામગ્રી હાથમાં રાખીને પ્રદક્ષિણા આપવી.
- ✓ મૌન રાખીને અથવા ધીરા અને મધુર સ્વરમાં પ્રદક્ષિણાના દુહા બોલતા.... બોલતા.... પ્રદક્ષિણા આપવી.
- ✓ ત્રણ પ્રદક્ષિણા પૂરી કર્યા પછી જ પછીનાં કાર્યમાં જોડાવું.

**જ્ઞાન, દર્શન, ચારિત્રની પ્રાપ્તિની ભાવનાથી ત્રણ પ્રદક્ષિણા અપાય છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# ...સ્તુતિ બોલવામાં અવિધિ.......

- × પ્રદક્ષિણા પૂર્ણ થતા સ્તુતિ માટે ગભારા પાસે જવું નહીં.
- × હાથ જોડીને તથા કમ્મર સુધી નમીને પ્રભુજીને પ્રણામ કરવા નહીં. આનાથી ''અર્ધાવનત પ્રણામ''ની વિધિનું ઉલ્લંઘન થાય છે.
- × વચ્ચે ઊભા રહેવું અથવા પુરુષોએ ભગવાનની ડાબી બાજુ અને બહેનોએ ભગવાનની જમણી બાજુ ઊભા રહેવું.
- × થાંભલા વગેરેનાં આધારે અથવા વાંકાચુકા ઊભા રહેવું.
- × સ્તુતિને બદલે બડબડ કરીને નવકાર બોલવો અથવા જોરથી ''દર્શનમ્ દેવદેવસ્યં ઈત્યાદિ અશુદ્ધ ઉચ્ચારપૂર્વક સ્તુતિઓ બોલવી. આનાથી બીજા દર્શનાર્થી-પૂજાર્થીને વિક્ષેપ પડે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ...સ્તુતિ બોલવાની વિધિ......



✓ ત્રણ પ્રદક્ષિણા આપ્યા પછી સ્તુતિ માટે ગભારા પાસે જવું.

✓ હાથ જોડી અને કમ્મર સુધી નમીને ભગવાનને પ્રણામ કરવા.આનાથી "અર્ધાવનત પ્રણામ" વિધિનું પાલન થાય છે.

✓ વચ્ચે ઊભા રહેવું નહીં, પણ પુરુષોએ ભગવાનની જમણી બાજુ અને બહેનોએ ભગવાનની ડાબી બાજુ ઊભા રહેવું.

✓ કોઈ પણ ચીજનો સહારો લીધા વિના ઊભા રહેવું.

✓ મધુર અને ધીરા સ્વરમાં શુદ્ધ ઉચ્ચારપૂર્વક ભાવવાહી સ્તુતિ બોલવી. જેમકે "દર્શનં દેવદેવસ્ય" આથી બીજા દર્શન-પૂજા કરનારને સુવિધા રહે છે.

✓ પાછળ ચૈત્યવંદનાદિ કરતા પૂ. સાધુ-સાધ્વી ભગવંતને આપણી પીઠ ન થાય-દર્શનમાં અંતરાય ન થાય તેનું ધ્યાન રાખવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મુખકોશ બાંધવામાં અવિધિ



- × ખેસ ને આઠ પડ કર્યા વિના બાંધવો.
- × રૂમાલના બે પડ કરીને બાંધવો.
- × નાકની નીચેથી મુખકોશ બાંધવો.
- × મુખકોશ બાંધ્યા પછી વાતો કરવી. આથી મુખકોશ ભીનો થાય છે. અને... પરમાત્માનો સ્પર્શ કરવામાં આશાતના લાગે છે.

.. સ્તુતિ ..

પ્રભુદરિસન સુખ સંપદા, પ્રભુદરિસન નવનિધ.
પ્રભુદરિસનથી પામીએ, સકલ પદારથસિદ્ધ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મુખકોષ બાંધવાની વિધિ



- ✓ ખેસના આઠ પડ કરીને મુખકોશ બાંધવો.
- ✓ રૂમાલ બાંધવો આવશ્યક હોય, તો તેના પણ આઠ પડ કરી બાંધવો.
- ✓ નાકની ઉપરથી મુખકોશ બાંધવો.
- ✓ મુખકોશ બાંધ્યા પછી મૌન રહેવું. આથી પરમાત્માના ચરણ સ્પર્શમાં લાગતી આશાતનાથી બચી શકાય છે.

.. સ્તુતિ ..

ભાવે જિનવર પૂજીએ, ભાવે દીજે દાન.
ભાવે ભાવના ભાવીએ, ભાવે કેવળજ્ઞાન.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........ચંદન ઘુંટવામાં અવિધિ..........



- પોતાના હાથે ઘુંટવું નહીં.
- મુખકોશ બાંધ્યા વિના ઘુંટવું.
- વાતો કરતા કરતા ઘુંટવું, જેથી પોતાનું થુંક વગેરે ચંદનમાં પડે.
- પ્રભુજીના વિલેપન માટે બરાસ ઘુંટવું નહીં.
- પૂજા તથા તિલક માટે એક જ ચંદન રાખવું.
- કેસરનો ઉપયોગ વધારે કરવો.

સ્તુતિ .. અન્યથા શરણં નાસ્તિ, ત્વમેવ શરણં મમ, તસ્માત્ કારુણ્યભાવેન રક્ષ રક્ષ જિનેશ્વર.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........ચંદન ઘુંટવાની વિધિ..........



- ✓ પોતાના હાથે ઘુંટવું.
- ✓ મુખકોશ બાંધીને ઘુંટવું.
- ✓ મૌન રહીને જ ઘુંટવું.
- ✓ પ્રભુજીના વિલેપન હેતુ બરાસ ઘુંટવું.
- ✓ પૂજા અને પોતાને તિલક કરવા ચંદન અલગ રાખવું.
- ✓ કેસરનો ઉપયોગ પરિમિતમાત્રામાં કરવો. વધારે પડતું કેસર પ્રતિમાજીને નુકસાન કરે છે.

સ્તુતિ .. દર્શનં દેવદેવસ્ય દર્શનં પાપનાશનં । દર્શનં સ્વર્ગસોપાનં દર્શનં મોક્ષસાધનં ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તિલક કરવામાં અવિધિ



- × પુરૂષોએ "•" ગોલાકાર તિલક કરવું.
- × બહેનોએ "💧" જ્યોતાકાર તિલક કરવું.
- × ભગવાનની દૃષ્ટિ પડે એ રીતે ઊભા રહીને તિલક કરવું.
- × દર્પણમાં આપણા પોતાના વાળ વગેરે બરાબર કરવા.
- × તિલક કરતી વખતે મુખની શોભાની ભાવના પ્રધાન રાખવી.

.. સ્તુતિ ..

જિને ભક્તિર્જિને ભક્તિર્જિને ભક્તિર્જિને જિને, સદા મેસ્તુ સદા મેસ્તુ સદા મેસ્તુ, ભવે ભવે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# તિલક કરવાની વિધિ



- ✓ પુરુષોએ ''બદામ'' યા જ્યોત ''💧'' આકારમાં તિલક કરવું.
- ✓ બહેનોએ ''•'' ગોળાકારમાં તિલક કરવું.
- ✓ ભગવાનની દૃષ્ટિ ન પડે એ રીતે ઊભા રહીને તિલક કરવું.
- ✓ દર્પણનો ઉપયોગ શરીરની ટાપટીપ માટે કરવો નહીં.
- ✓ ''પ્રભુની આજ્ઞાને શિરોધાર્ય કરુ છું'' એવી ભાવનાથી તિલક કરવું.

.. સ્તુતિ ..

**દર્શનાદ્ દુરિત ધ્વંસી, વંદનાદ્ વાંછિતપ્રદઃ। પૂજનાત્ પૂરક : શ્રીણાં, જિનઃ સાક્ષાત્ સુરદ્રુમ :**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રક્ષાલ તૈયાર કરવામાં અવિધિ



- × નળનું તથા અળગણ પાણી વાપરવું.
- × પ્રક્ષાલ જલ પંચામૃત (પાણી, સાકર, દહીં, ઘી, દૂધ)થી બનાવવું નહીં.
- × દૂધનું પ્રમાણ અતિઅલ્પ રાખવું. અર્થાત્ એક ડોલ જેટલા પાણીમાં માત્ર ૧/૨ કલશ દૂધ નાંખવું.
- × મુખકોશ બાંધ્યા વિના પ્રક્ષાલ તૈયાર કરવો.
- × પ્રક્ષાલમાં આપણો પરસેવો, થૂંક વગેરે પડવા.
- × પ્રક્ષાલ ભરેલું વાસણ ખુલ્લું રાખવું.
- × પ્રક્ષાલજળ પૂજારીપાસે તૈયાર કરાવવું. અર્થાત્ પ્રક્ષાલની પૂર્વ તૈયારી પૂજારી પાસે કરાવવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રક્ષાલ તૈયાર કરવાની વિધિ



- ✓ ક્રમશ : કુવા, વાવડી કે પછી હેંડપંપનું ગાળીને પાણી વાપરવું.
- ✓ પ્રક્ષાલમાટે પંચામૃત તૈયાર કરવું. તેમાં ઘી, સાકર, દહીંની માત્રા અલ્પ રાખવી.
- ✓ પર્યાપ્તમાત્રામાં દૂધ લેવું અને તે દૂધની અંદર ઉચિત પ્રમાણમાં પાણી નાંખવું.
- ✓ મુખકોશ બાંધીને પ્રક્ષાલ તૈયાર કરવો.
- ✓ પ્રક્ષાલમાં થુંક પરસેવો ન પડે તેનું ધ્યાન રાખવું.
- ✓ પ્રક્ષાલ ભરેલું વાસણ ઢાંકીને રાખવું.
- ✓ પ્રક્ષાલજળ આપણે જાતે તૈયાર કરવું. અર્થાત્ પ્રક્ષાલની પૂર્વ તૈયારી વખતે આપણે હાજર છીએ, તો આપણે જ કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગભારામાં પ્રવેશ સમયે અવિધિ



- × બીજી ''નિસીહી'' બોલ્યા વિના પ્રવેશ કરવો.
- × વાતો કરતા કરતા પ્રવેશ કરવો.
- × નમ્યા વિના પ્રવેશ કરવો.
- × મુખકોશ બાંધ્યા વગર પ્રવેશ કરવો કે પરમાત્માનો સ્પર્શ કરવો.
- × ગભારામાં વાતો કરવી, દુહા બોલવા, લઘુશાંતિ, બૃહદ્શાંતિ સ્તોત્ર આદિ પાઠ કરવો.
- × દેરાસર સંબંધી વાતો કરવી, જેમ કે 'આજે દેરાસર મોડું ખુલ્યું' વગેરે.
- × અંગપૂજા આદિ મહત્ત્વના કારણ વિના વારંવાર ગભારામાં જવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગભારામાં પ્રવેશ સમયની વિધિ



✓ બીજી વખત "નિસીહી, નિસીહી, નિસીહી" બોલીને પ્રવેશ કરવો.

✓ મૌન પૂર્વક પ્રવેશ કરવો.

✓ કંઈક... મસ્તક નમાવીને પ્રવેશ કરવો.

✓ મુખકોશ બાંધીને પ્રવેશ કરવો.

✓ મુખકોશ બાંધીને પરમાત્માનો સ્પર્શ કરવો.

✓ ગભારામાં કોઈપણ પ્રકારનાં સ્તોત્ર આદિનો પાઠ કરવો નહીં.

✓ ગભારામાં દેરાસરસંબંધી વાતો પણ કરવી નહીં, નહીંતર "બીજી નિસીહી" નો ભંગ થાય છે.

✓ અંગપૂજા, નિર્માલ્ય ઉતારવું, અંગલુંછના આદિ કાર્યને છોડીને ગભારામાં જવું નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નિર્માલ્ય દૂર કરવામાં અવિધિ



- × મોરપીંછ વગેરેનો ઉપયોગ કરવો નહીં.
- × હાથથી ઘસીને અથવા નખથી ઘસીને નિર્માલ્ય દૂર કરવું.
- × નિર્માલ્ય દૂર કર્યા વિના પ્રક્ષાલ કરવો. જેથી ફૂલમાં રહેલ કીડી વગેરે સૂક્ષ્મ જંતુઓની હિંસાનો સંભવ છે.
- × પૂજારી નિર્માલ્ય દૂર કરી રહ્યો છે એવું જોવાં છતાં ઉપેક્ષા કરીને અન્યકાર્યમાં વ્યસ્ત રહેવું.
- × વાળાકુંચીથી ઘસી ઘસીને વરખ, બાદલું, ચંદન, વગેરે નિર્માલ્ય દૂર કરવા.
- × વરખ, બાદલાને ઉતારીને પ્રક્ષાલમાં જવા દેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નિર્માલ્ય દૂર કરવાની વિધિ




- ✓ મોરપીંછ વગેરે કોમલ સાધનથી નિર્માલ્ય દૂર કરવું.
- ✓ પ્રથમ નિર્માલ્ય (આગલા દિવસનાં ભગવાનનાં અંગ ઉપર રહેલા ફૂલ, ચંદન, વરખ વગેરે) ને લઈને થાલીમાં રાખવું. અને કીડી વગેરે સૂક્ષ્મ જંતુઓને સૂક્ષ્મતાથી જોઈ મોરપીંછથી દૂર કરવા.
- ✓ નિર્માલ્ય દૂર કરવાનું કાર્ય પોતે જ કરવું, પોતાનાં બીજા કાર્યો પછી કરવા.
- ✓ એક શુદ્ધ વસ્ત્રને પાણીમાં પલાડીને એનાથી વરખ, બાદલું વગેરે દૂર કરવું.
- ✓ વરખ, બાદલાને પાણીમાંથી ગાળીને કાઢી લેવા અને થાલી વગેરેમાં જમા કરતા રહેવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## આશાતના નવિ કરીએ.....

**જિનમંદિરની જઘન્ય દશ આશાતનાઓ :-** તંબોલ પાણ ભોયણ, વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં। મુત્તુચ્ચારં જુઅં, વજ્જે જિણનાહ જગઈએ॥

૧. પાન ખાવું, ૨. પાણી પીવું, ૩. ભોજન કરવું, ૪. પગરખાં પહેરવાં, ૫. સ્ત્રીસેવન કરવું, ૬. થૂંકવું, ૭. કફ-મેલ ફેંકવું, ૮. પેશાબ કરવો, ૯. સંડાસ કરવો અને ૧૦. જુગાર રમવો. આ દસ મોટી આશાતનાઓ અવશ્ય તજવી.

શરીર વગેરે અશુદ્ધ છતાં પૂજા કરવી, પ્રતિમા નીચે પાડી દેવા વગેરે મધ્યમ આશાતના ૪૨ પ્રકારે થાય છે.

**જિનમંદિરની ઉત્કૃષ્ટ ૮૪ આશાતનાઓ :-** દેરાસરજીમાં ૧. નાકનું લીંટ નાખે, ૨. જુગાર, ગંજીફો, શેતરંજ, ચોપાટ વગેરે રમતો રમે, ૩. લડાઈ-ઝઘડો કરે. ૪. ધનુષ્ય વગેરેની કળા શીખે, ૫. કોગળા કરે, ૬. પાન, સોપારી વગેરે ખાય, ૭. પાનના ડૂચા, દેરાસરમાં થૂંકે, ૮. ગાળ આપે, ૯. ઝાડો, પેશાબ કરે, ૧૦. હાથ, પગ, શરીર, મોઢું વગેરે ધૂવે, ૧૧. વાળ ઓળે, ૧૨. નખ ઉતારે, ૧૩. લોહી પાડે, ૧૪. સુખડી વગેરે ખાય, ૧૫. ગુમડા, ચાંદા, વગેરેની ચામડી ઉતારીને નાંખે.....



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રક્ષાલ કરવામાં અવિધિ

- × મુખકોશ નાકથી નીચે ઉતરવો.
- × પહેલાં શુદ્ધ પાણીનો અભિષેક કરવો, પછી પંચામૃતનો અભિષેક કરવો.
- × મન ફાવે ત્યારે પ્રક્ષાલ કરવો.
- × એક હાથમાં કળશ પકડવો અને બીજા હાથથી મુખ, નાક, દબાવીને પ્રક્ષાલ કરવો.
- × નવાંગી પૂજાની જેમ એક એક અંગ ઉપર પ્રક્ષાલ કરવો.
- × મોટી શાંતિ આદિ બોલતા બોલતા અથવા વાતો કરતા કરતા પ્રક્ષાલ કરવો.
- × જ્યારે પંચામૃતનો અભિષેક ચાલતો હોય, ત્યારે પાણીનો અથવા પાણીનો પ્રક્ષાલ ચાલતો હોય ત્યારે પંચામૃતનો પ્રક્ષાલ કરવો.
- × જ્યાં ત્યાં ઊભા રહીને ધક્કા લગાવીને, પાછળથી આગળ આવીને એકબીજાની વચ્ચે ઘૂસીને પ્રક્ષાલ કરવો.
- × એક હાથથી પ્રક્ષાલ કરતાં જવું બીજા હાથથી ભગવાનની સફાઈ કરતા જવું.
- × કલશને પટકવો અથવા ભગવાનને લગાવવો.
- × કલશને ઉંધો કરીને પ્રક્ષાલ કરવો.
- × પ્રક્ષાલ કરેલ પ્રભુજીનું સ્નપનજલ નીચે ઢોળવું અને બધાના પગમાં આવવું.
- × પ્રભુના શરીર ઉપર રહેલ પ્રક્ષાલને હાથમાં નમણજલના રૂપમાં લઈને ત્યાંને ત્યાં આપણા શરીર ઉપર લગાવવું
- × કળશ કપડાથી સાફ કર્યા વિના જ્યાં ત્યાં મુકી દેવા.

**NOTE :** **કળશના નાલચા ભીના રહી જાય અને તેમાં નિગોદ / લીલફુગ થાય તેની ઉપેક્ષા કરવી. તથા કલશ, કુંડી વગેરે ને પુંજયા વિના વાપરવા.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org





Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પ્રક્ષાલ કરવાની વિધિ

- ✓ મુખકોશ બાંધીને જ અને તે નાકની ઉપરથી નીચે નહીં ઉતરે તેનો ખ્યાલ રાખવો.
- ✓ પહેલા પંચામૃતનો અભિષેક કરવો, પછી શુદ્ધ પાણીનો અભિષેક કરવો.
- ✓ પરમાત્માનો અભિષેક યોગ્ય અવસરે યોગ્ય ક્રમે કરવો.
- ✓ બે હાથમાં કલશને ધારણ કરીને મૌન રહી ભગવાનના મસ્તક ઉપર જ અભિષેક કરવો.
- ✓ જ્યારે જે પ્રક્ષાલ ચાલતો હોય તે જ પ્રક્ષાલ કરવો, પંચામૃતનો પ્રક્ષાલ થઈ ગયો હોય અને પાણીનો પ્રક્ષાલ ચાલુ હોય, ત્યારે વચ્ચે જઈને પંચામૃતનો પ્રક્ષાલ કરવો નહીં અને જો અંગલુંછના ચાલતા હોય તો તેને રોકીને પ્રક્ષાલ કરવો નહીં.
- ✓ લાઈનમાં ઊભા રહીને પ્રક્ષાલ કરવો.
- ✓ પહેલા દુહા અને "મેરુશિખર નવરાવે." બોલીને પછી અભિષેક કરવો અથવા જ્યારે જે વ્યક્તિ પ્રક્ષાલ કરતી હોય તેણે તો મૌન રહીને પ્રક્ષાલ કરવો અને બીજાઓએ લાઈનમાં વ્યવસ્થિત ઉભા રહીને દુહાવગેરે બોલવા.
- ✓ પરમાત્માને કલશની ટક્કર લગાવવી નહીં.
- ✓ કલશને સીધો રાખીને અર્થાત્ કલશના નાલચાથી પરમાત્માને પંચામૃતજલનો તથા શુદ્ધ જલનો અભિષેક કરવો.
- ✓ પ્રક્ષાલના સ્નપન જલને નીચે પડવા દેવું નહીં અને પગમાં આવવા દેવું નહીં.
- ✓ નમણજલ પ્રક્ષાલ કરતી વખતે લગાવવું નહીં, પણ ઘરે જતી વખતે લગાડવું.
- ✓ કલશને યોગ્ય સ્થાને કપડાથી લુછીને મુકી દેવા.

**NOTE : કલશના નાળચામાં પાણી રહી જાય નહીં તેની સાવધાની રાખવી. અર્થાત્ તેને પણ કપડાથી લૂંછી લેવા. ન્હવણજળ વહેવાની જગ્યા તથા એ ભેગું કરવાની કુંડી, પ્રક્ષાલ કરતાં પહેલાં જોઈ લેવા ને પુંજી લેવા જોઈએ.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



## આશાતના નવિ કરીએ.....

૧૬. પિત્ત નાંખે, પડે, ૧૭. ઉલ્ટી કરે, ૧૮. દાંત પડે તે દેરાસરમાં નાંખે, ૧૯. આરામ કરે, ૨૦. ગાય, ભેંસ, ઊંટ, બકરા વગેરેનું દમન કરે, (૨૧. થી ૨૮.) દાંત-આંખ-નખ-ગાલ-નાક-કાન-માથાનો તથા શરીરનો મેલ નાખે, ૨૯. ભૂત-પ્રેત કાઢવા મંત્ર સાધના કરે, રાજ્ય વગેરેના કામે પંચ ભેગું કરે, ૩૦. વાદ-વિવાદ કરે, ૩૧. પોતાના ઘર-વેપારના નામાં લખે, ૩૨. કર અથવા ભાગની વહેંચણી કરે, ૩૩. પોતાનું ધન દેરાસરમાં રાખે, ૩૪. પગ ઉપર પગ ચઢાવીને બેસે, ૩૫. છાણાં થાપે, ૩૬. કપડાં સૂકવે, ૩૭. શાક વગેરે ઉગાડે કે મગ, મઠ આદિ સૂકવે, ૩૮. પાપડ સૂકવે ૩૯. વડી, ખેરો, શાક, અથાણાં સૂકવે. ૪૦. રાજા વગેરેના ભયથી દેરાસરમાં સંતાઈ રહે, ૪૧. સંબંધીનું મૃત્યુ સાંભળી રડે, ૪૨. વિકથા કરે.....

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ...........અંગલુંછના કરવામાં અવિધિ...........

- × મુખકોશ નાકથી નીચે ઉતરી જાય.
- × ત્રણથી ઓછા અંગલુંછના કરવા.
- × વાતો કરતા કરતા અથવા કોઈ સ્તોત્ર આદિ બોલતા બોલતા અંગલુંછના કરવા.
- × અંગલુંછના રોજ સાફ કરવા નહીં અને મેલા-ગંધાતા રાખવા તથા લાંબા સમય સુધી વાપરતા રહેવું.
- × પગ ધોવાની અથવા સ્નાન કરવાની જગ્યાપર અંગલુંછના ધોવા.
- × અંગલુંછના નીચે ફેંકવા તથા પગ લગાડવો.
- × અંગલુંછના ક્રમ વિના કરવા.
- × અંગલુંછના કરીને જ્યાં ત્યાં રાખી મૂકવા.
- × પ્રભુના અંગલુંછના દેવદેવી માટે વાપરવા.
- × પીત્તલ અથવા તાંબાની સળીનો વારંવાર ઉપયોગ કરવો. અંગલુંછનાને તે સળીથી ગોદા લગાવીને નાંખવા.
- × પાટલુછણીયાના કપડાથી અંગલુંછણા કરવા.
- × અંગલુંછનાથી જમીન સાફ કરવી.

**પહેલી પૂજા કરવાના લોભમાં અંગલુંછના ગમે તેમ કરી લેવા અથવા ત્રીજુ અંગલુંછનું પોતાના કબજામાં રાખવું.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




## આશાતના નવિ કરીએ.....

૪૩. શસ્ત્ર-અસ્ત્ર-યંત્ર ઘડે કે સજે, ૪૪. ગાય, ભેંસ વગેરે રાખે, ૪૫. તાપણું તપે, ૪૬. પોતાના કામ માટે દેરાસરની જગ્યા રોકે, ૪૭. નાણું પારખે, ૪૮. અવિધિથી નિસીહિ કહ્યા વગર દેરાસરમાં જવું, (૪૯. થી ૫૨.) છત્ર, પગરખાં, શસ્ત્ર, ચામર વગેરે રાખવું, ૫૩. શરીરે તેલ વગેરે ચોળવું-ચોપડવું, ૫૪. સચિત્ત દેરાસરની બહાર મૂકીને ન આવવું, ૫૫. રોજના પહેરવાના દાગીના બંગડી વગેરે પહેર્યા વિના (શોભા વિના) આવવું, ૫૬. ભગવંતને જોતા જ હાથ ન જોડવા, ૫૭. અખંડ વસ્ત્રનો ખેસ પહેર્યા વિના આવવું, ૫૮. મુગટ મસ્તકે પહેરવો, ૫૯. માથા પર પાઘડીમાં કપડું બાંધે, ૬૦. હારતોરા વગેરે શરીર પરથી દૂર ન કરે, ૬૧. શરત હોડ બકવી, ૬૨. લોકો હસે એવી ચેષ્ટાઓ કરવી, ૬૩. મહેમાન વગેરેને પ્રણામ કરવા...

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........અંગલુંછના કરવાની વિધિ..........

- ✓ મુખકોશ નાક સુધી રાખવો.
- ✓ મલમલ જેવા મુલાયમ કપડાનાં ત્રણ અંગલુંછના કરવા.
- ✓ મૌનભાવે અંગલુંછના કરવા.
- ✓ અંગલુંછના રોજ સાફ કરીને સ્વચ્છ રાખવા તથા અવસરે બદલી નાંખવા.
- ✓ અંગલુંછના ચોક્ખી જગ્યા પર ડોલ આદિ સાધનમાં રાખીને ધોવા. અપવિત્ર જગ્યાપર નીચે રાખીને ધોવા નહીં.
- ✓ નીચે પડી ગયેલા કે પગથી ખુંદાયેલા અંગલુંછના વાપરવા નહીં, અંગલુંછનાને થાલી આદિ સાધનમાં રાખવા.
- ✓ અંગલુંછના ક્રમપૂર્વક કરવા.
- ✓ અંગલુંછના થઈ ગયા પછી તરત તાર ઉપર સુકાવી દેવા અને તે તાર-દોરી ઉપર પૂજાના કપડા કે પાટલુંછના સુકવવા નહીં.
- ✓ દેવ-દેવીઓ માટે વપરાયેલા અંગલુંછના ફરી ભગવાન માટે વાપરવા નહીં.
- ✓ અંગલુંછનાનાં છેડાની વાટ કરીને છિદ્રવાળા ભાગ સાફ કરી શકાય છે. સળીનો ઉપયોગ કરવો પડે તો કોમળ હાથે ખુબ વિવેકપૂર્વક કરવો.
- ✓ અંગલુંછના અને પાટલુંછના અલગ રાખવા તથા તેના કપડામાં પણ ફેરફાર રાખવો...
- ✓ અંગલુંછનાથી જમીન સાફ કરવી નહીં.

**ભગવાનની જન્મ, રાજ્ય, દીક્ષા આદિ પિંડસ્થાવસ્થા કેવળજ્ઞાન-તીર્થસ્થાપનાદિ પદસ્થાવસ્થા અને મોક્ષપ્રાપ્તિ-સિદ્ધસ્વરૂપ રૂપાતીતઅવસ્થાનું ચિંતન કરવું.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિલેપન કરવામાં અવિધિ




- × કોઈ પણ દ્રવ્યથી વિલેપન કરવું.
- × નવાંગી પૂજાની જેમ વિલેપન કરવું.
- × ડાબા હાથથી કે પ્રતિમાજીને નખ લગાડીને વિલેપન કરવું.
- × મુખકોશ બાંધ્યા વગર વિલેપન કરવું.
- × સ્તોત્ર, દુહા વગેરે બોલતા બોલતા વિલેપન કરવું.
- × પ્રભુજીનાં મુખ ઉપર અથવા અન્યત્ર કંઈ પણ લપેડા લગાવ્યા હોય તે રીતે વિલેપન કરવું.
- × પરસેવો, માથું વગેરે ખંજવાળવું વગેરે કારણે ખરાબ થયેલા હાથથી વિલેપન કરવું.
- × એક/બીજાને ધક્કા લાગે અને દર્શનાર્થીઆદિને દર્શનમાં અંતરાય પડે તે રીતે ઊભા રહીને વિલેપન કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# વિલેપન કરવાની વિધિ



- ✓ ચંદન, બરાસઆદિ ઉત્તમ દ્રવ્યોથી વિલેપન કરવું.
- ✓ જમણા હાથની પાંચે આંગળીઓથી બહુમાનપૂર્વક વિલેપન કરવું.
- ✓ વિલેપન કરતી વખતે પ્રતિમાજીને નખ લગાડવા નહીં.
- ✓ મુખકોશ બરાબર બાંધીને વિલેપન કરવું.
- ✓ "શિતલગુણ૦" દુહો મનમાં બોલીને પછી વિલેપન કરવું.
- ✓ પ્રભુજીનાં મુખને છોડીને અન્ય હૃદય, છાતી, હાથઆદિ સ્થાનો ઉપર વિલેપન કરવું.
- ✓ પરસેવા વગેરેથી બગડેલા હાથને ધોઈને પછી જ વિલેપન કરવું.
- ✓ જ્યારે એક વ્યક્તિ વિલેપન કરે, ત્યારે બાકીના બધા ય હાથ જોડીને લાઈનમાં ઊભા રહે અને દુહા બોલે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org








Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........ભગવાનની ચંદન પૂજામાં અવિધિ..........

- × વાતો કરતા કરતા તથા બગાસું ખાતાં ખાતાં પૂજા કરવી.
- × પૂજા કરવાની આંગળીને છોડીને આપણા શરીરના કોઈપણ અંગનો અને આપણા વસ્ત્રોનો પ્રતિમાને સ્પર્શ થવો.
- × મુખકોશ બરાબર નાક સુધી રાખવો નહીં. જેથી થુંક વગેરે ઊડીને પરમાત્માને લાગે.
- × પૂજા નવઅંગ ઉપર કરવી નહીં, પરંતુ અધિક અથવા ઓછાં અંગ ઉપર કરવી અને... પૂજા કોઈપણ આંગળીથી કરવી.
- × નવ અંગોની ઉલ્ટી/ સુલ્ટી પૂજા કરવી.
- × સ્તોત્રઆદિ કે નવાંગીના દોહા બોલતા બોલતા પૂજા કરવી.
- × જમણાં અંગુઠાપર વારંવાર પૂજા કરવી.
- × ટાઈપીસ્ટની જેમ ફટાફટ-ધડાધડ પૂજા કરવી.
- × જ્યાં ત્યાં વચ્ચે અથવા ઉંધી બાજુ ઊભા રહીને પૂજા કરવી.
- × ધક્કા લગાવીને તથા વચ્ચે ઘૂસીને પૂજા કરવી.
- × પૂજા કરતી વખતે આમતેમ જોયા કરવું.
- × દેરાસરનું ચંદન વાટકી ભરીને લેવું.
- × પૂજાના ક્રમનું ઉલ્લંઘન કરવું અર્થાત્ પહેલાં દેવ-દેવી, ગુરુ-પ્રતિમા આદિની પૂજા કરવી, પછી પરમાત્માની પૂજા કરવી.
- × ગુરુ, દેવ-દેવીના ઉપયોગમાં લીધેલા ચંદનથી પ્રભુની પૂજા કરવી.
- × અષ્ટમંગલની પૂજા કરવી.
- × શ્રીવત્સ, લંછન, હથેલીની કે હાથ-પગની અન્ય આંગળીઓની પૂજા કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




## આશાતના નવિ કરીએ.....

૬૪. ગીલીદંડા રમવા, ૬૫. તિરસ્કારવાળું વચન કહેવું, ૬૬. દેવાદારને દેરાસરમાં પકડવો, પૈસા કઢાવવા, ૬૭. યુદ્ધ ખેલવું, ૬૮. વાળ ઓળવા, ૬૯. પલાંઠી વાળીને બેસવું, ૭૦. પગમાં લાકડાની પાવડી પહેરવી, ૭૧. પગ લાંબા પહોળા કરીને બેસવું, ૭૨. પગચંપી કરાવવી, ૭૩. હાથ-પગ ધોવા, ઘણું પાણી ઢોળી ગંદકી કરવી, ૭૪. દેરાસરમાં પગ કે કપડાંની ધૂળ ઝાટકે, ૭૫. મૈથુન-ક્રીડા કરે, ૭૬. માંકડ, જૂ વગેરે વીણીને દેરાસરમાં નાંખે, ૭૭. જમે, ૭૮. શરીરના ગુપ્તભાગ બરાબર ઢાંક્યા વિના બેસે, દેખાડે, ૭૯. વૈદું કરે, ૮૦. વેપાર, લેવડ-દેવડ કરે, ૮૧. પથારી પાથરે, ખંખેરે, ૮૨. પાણી પીવે અથવા દેરાસરમાં નેવાનું પાણી લે, ૮૩. દેવી, દેવતાની સ્થાપના કરે, ૮૪. દેરાસરમાં રહે. આ ૮૪ આશાતના ટાળવા પ્રયત્ન કરવો.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........ભગવાનની ચંદન પૂજાની વિધિ..........

- ✓ બગાસું વગેરે ખાધા વગર મૌનથી પૂજા કરવી.
- ✓ પૂજા કરવાની આંગળીને છોડીને આપણા શરીરના કોઈપણ અંગનો તથા આપણા કપડાનો સ્પર્શ ભગવાનને થવા દેવો નહીં.
- ✓ મુખકોશ બરાબર નાક સુધી બાંધવો અને થુંકવગેરે ઉડવા દેવું નહીં.
- ✓ નવાંગી પૂજામાટે પ્રત્યેકઅંગની પૂજા કરતી વખતે વાટકીમાંથી અનામિકા અંગુલીથી ચંદન લેવું (કુલ તેર વાર) નવાંગી પૂજા પરમાત્માના તેર સ્થાન ઉપર કરવાની છે.
- ✓ નવાંગની પૂજા ક્રમપૂર્વક કરવી.
- ✓ પૂજા કરતી વખતે કોઈપણ સ્તોત્ર, દુહા આદિ બોલવા નહીં. પહેલાં એક એક અંગનો પૂજાનો દુહો મનમાં બોલી ભાવિત થઈ પછી તે તે અંગની પૂજા કરવી.
- ✓ અંગુઠાઉપર એક જ વાર પૂજા કરવી. ચંદનની ધારા વહે તે ઉચિત નથી.
- ✓ શાંતિથી તથા ધીરેથી ભાવપૂર્વક પૂજા કરવી.
- ✓ પુરુષોએ પ્રભુની જમણી બાજુ અને બહેનોએ પ્રભુની ડાબી બાજુ ઊભા રહીને પૂજા કરવી.
- ✓ લાઈનમાં ઊભા રહીને આપણો નંબર આવે ત્યારે પૂજા કરવા ગભારામાં જવું.
- ✓ પૂજા કરતી વખતે ફક્ત ભગવાનની સમક્ષ જોવું.
- ✓ દેરાસરનું ચંદન લેવાનું હોય, તો ઉચિત માત્રામાં લેવું.
- ✓ ભગવાનની, સિદ્ધચક્રની, ગણધરની અને દેવ-દેવીની આ ક્રમથી પૂજા કરવી.
- ✓ ગુરુ,દેવ-દેવીની પૂજાનાં ઉપયોગમાં લીધેલા ચંદનથી પ્રભુની પૂજા કરવી નહીં.
- ✓ અષ્ટમંગલની પૂજા કરવી નહીં પરન્તુ... ચોખા આદિથી તેનું આલેખન કરવું અથવા પ્રભુજી સમક્ષ માંગલિક રૂપમાં રાખવી.
- ✓ શ્રીવત્સ, લંછન, હથેલી અથવા બીજી આંગળીઓની પૂજા કરવી નહીં.

**NOTE : પરિકરમાં રહેલા દેવ-દેવી વગેરેની પૂજા કરવાની નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પુષ્પ પૂજામાં અવિધિ




× સુગંધ રહિત, વાસી, તુચ્છ તથા પ્લાસ્ટિકના ફૂલો ચઢાવવા.

× ભગવાનની શોભા બગડી જાય અર્થાત્ મુખ આદિ અંગો ઢંકાઈ જાય તે રીતે ફૂલો ચઢાવવા.

× નીચે પડેલાં, પગમાં કચરાયેલાં, તથા ગઈ કાલે ભગવાનને ચઢાવેલા ફૂલો ચઢાવવા. ફૂલોની પાંખડીઓ તોડીને ફૂલપૂજા કરવી.

× ફૂલોને હાથમાં રાખવા અને દબાવવા.

× સોઈથી વીંધીને બનાવેલી ફૂલની માલા ચઢાવવી.

× એક ભગવાનને ચઢાવેલા ફૂલો ઊઠાવીને બીજા ભગવાનને ચઢાવવા.

× ભગવાનને ફૂલોથી એ રીતે ઢાંકી દેવા કે જેનાથી બીજાને પૂજા દર્શનમાં તકલીફ પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# પૂષ્પ પૂજાની વિધિ



- ✓ સુગંધિત, સ્વચ્છ, ઉત્તમ અને તાજાં ફૂલો ચઢાવવા.
- ✓ ભગવાનની શોભા વધે તે રીતે ફૂલો ચઢાવવા.
- ✓ નીચે નહીં પડેલાં, પગમાં નહીં કચરાયેલા, ભગવાનને નહીં ચઢાવેલા ફૂલો ચઢાવવા.
- ✓ અખંડિત ફૂલો ચઢાવવા... પાંખડી વગેરે તોડી ને ચઢાવવી નહીં.
- ✓ ફૂલોને થાલીમાં રાખવા.
- ✓ હાથથી ગુંથેલી ફૂલમાલા ચઢાવવી.
- ✓ ચઢાવેલા ફૂલો ઉતારીને ફરી ચઢાવવા નહીં.
- ✓ ઘણા ફૂલોને કારણે પૂજામાં તકલીફ પડતી હોય, તો પહેલાં પૂરી સાવધાની થી ફૂલો થાલીમાં ઉતારી લેવા અને પૂજા પછી પુનઃ ઉચિત સ્થાન પર રાખવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ............દેવ-દેવીની પૂજામાં અવિધિ..............




× અનામિકા આંગળીથી નવઅંગની પૂજા કરવી.

× દેવ-દેવીની પૂજા પછી તેજ ચંદનથી ફરી ભગવાન, સિદ્ધચક્ર, ગણધર વગેરેની પૂજા કરવી.

× મુખકોશ બાંધવો નહીં.

× દેવ-દેવીની સામે ચોખાના સાથીયા કે આવા ψ પ્રકારના ત્રિશુલ વગેરે કરવા.

× શક્તિ હોવા છતાં પૈસા એમના ભંડારમાં નાખવા નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# .........દેવ-દેવીની પૂજાની વિધિ..............



- ✓ જમણા હાથના અંગુઠાથી સાધર્મિક બહુમાનરૂપે કપાલ ઉપર તિલક કરવું.
- ✓ દેવ-દેવીને તિલક કરેલા ચંદનથી ફરી ભગવાન, સિદ્ધચક્ર, ગણધર આદિની પૂજા કરવી નહીં.
- ✓ મુખકોશ બાંધીને તિલક કરવું.
- ✓ પ્રાયઃ દેવ-દેવીને અક્ષતપૂજાનું વિધાન નથી. તેથી સાથિયો કે ત્રિશુલવગેરે કરવા નહીં.
- ✓ શક્તિ અનુસાર પૈસા એમના ભંડારમાં નાખવા.

**NOTE : દેવ-દેવીને શાસનરક્ષક આદિ નિમિત્ત થી તથા સાધર્મિક માનીને બહુમાનરૂપે કપાલે તિલક કરવાનું છે.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધૂપ પૂજામાં અવિધિ




- × દેરાસરની એકી સાથે ઘણી અગરબત્તી પ્રગટાવવી.
- × અગરબત્તીને હાથમાં પકડીને પૂજા કરવી.
- × ધૂપ પૂજાનો દુહો બોલવો નહીં. પણ વાતો કરતા કરતા ધૂપપૂજા કરવી.
- × ગભારામાં જઈને ધૂપ પૂજા કરવી.
- × ભગવાનની અતિનિકટ જઈને અથવા ભગવાનની નાસિકા પાસે જઈને ધૂપનો ધૂમાડો છોડવો.
- × દેરાસરમાં જતાંની સાથે સૌથી પહેલાં અગરબત્તી જલાવીને બે હાથમાં પકડીને પ્રદક્ષિણા આપવી. સ્તુતિ બોલવી આદિ કાર્ય કરવા.
- × તુચ્છ અને સુંગધરહિત અગરબત્તી વાપરવી.
- × અગરબત્તીને આપણી પાસે અથવા ધૂપદાણીમાં એવી રીતે રાખવી કે તેના ધુમાડાથી બીજાને તકલીફ પડે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ધૂપ પૂજાની વિધિ



- ✓ દેરાસરની ધૂપદાણીમાં અગરબત્તી ચાલુ હોય તો નવી એક પણ
- ✓ અગરબત્તી જલાવવી નહીં. (આપણા ઘરની અગરબત્તી જલાવી શકાય.)
- ✓ અગરબત્તી ધૂપદાણીમાં અથવા એના સ્ટેન્ડ પર રાખીને પૂજા કરવી.
- ✓ દુહો બોલીને ધૂપપૂજા કરવી. જો દુહો ન આવડે તો મૌન રહીને ધૂપપૂજા કરવી.
- ✓ ધૂપપૂજા અગ્રપૂજા છે. તેથી ગભારાની બહાર રહીને કરવી.
- ✓ ભગવાનથી ઉચિત અંતર રાખીને દૂરથી ધૂપ પૂજા કરવી.
- ✓ અંગપૂજાનું કાર્ય સમાપ્ત થયા પછી જ ધૂપપૂજા કરવી. હાથમાં ધૂપ લઈને પ્રદક્ષિણા આપવી નહીં કે સ્તુતિ બોલવી નહીં.
- ✓ ઉત્તમ અને સુગંધિત અગરબત્તી વાપરવી.
- ✓ અગરબત્તી ધૂપ દાણીમાં રાખી યોગ્ય સ્થાન પર મુકવી જેથી કોઈને તકલીફ પડે નહીં.

**ધૂપપૂજા પ્રભુની ડાબી બાજુ ઊભા રહીને કરવી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# . . . . . . . . . . . .દીપક પૂજામાં અવિધિ. . . . . . . . . . . .



- × દીપકનું હેંડલ પકડીને અથવા થાલીમાં રાખીને એક હાથથી થાલીને (anti clockwise) ઘુમાવીને દીપક પૂજા કરવી.
- × દીપકપૂજા વખતે દુહો બોલવો નહીં. પરંતુ વાતો કરવી.
- × જ્યાં ત્યાં કે પછી ખોટી દિશામાં ઊભા રહીને દીપક પૂજા કરવી.
- × ભાવ રહિત ''એક કામ પતે'' એવા ભાવથી દીપક પૂજા કરવી.
- × વનસ્પતિ ઘી, તેલ અથવા અન્ય અશુદ્ધ તૈલી પદાર્થો વાપરવા.
- × ગભારામાં જઈને અથવા દીપકને ભગવાનની અતિ સમીપ લઈ જઈને દીપક પૂજા કરવી.
- × દેરાસરમાં એક દીપક ચાલુ હોવા છતાં બીજો દીપક ચાલુ કરવો.(જો આપણા ઘરનો દીવો હોય તો દોષ નથી)

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દીપક પૂજાની વિધિ



- ✓ દીપકને થાળીમાં રાખી બે હાથથી સાચી દિશામાં (clockwise) ઘુમાવીને દીપક પૂજા કરવી.
- ✓ દુહો બોલીને દીપકપૂજા કરવી. દુહો ન આવડે તો મૌન રહેવું.
- ✓ પુરુષો તથા બહેનોએ પોતાની સાચી દિશામાં ઊભા રહીને દીપકપૂજા કરવી.
- ✓ ભાવ વિભોર બનીને દીપકપૂજા કરવી.
- ✓ ગાયનું શુદ્ધ ઘી વાપરવું.
- ✓ દીપક પૂજા અગ્રપૂજા છે. તેથી ગભારાની બહાર અને પ્રભુજીથી ઉચિત અંતર રાખીને ઊભા રહીને દીપકપૂજા કરવી.
- ✓ દેરાસરના દીપકનો ઉપયોગ કરવો હોય તો જે દીપક (અખંડ દીપકને છોડીને) ચાલુ છે. તેનાથી દીપપૂજા કરવી. પણ નવો દીવો ચાલુ કરવો નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચામર નૃત્યમાં અવિધિ



- × ચામર નૃત્ય કરવામાં શરમ રાખવી.
- × ચામરને હાથમાં લઈને જોર જોરથી લાઠીની જેમ ફેરવવું.
- × વ્યવસ્થિત ઊભા રહીને નૃત્ય કરવાના બદલે જ્યાં ત્યાં ઊભા રહીને ચામરને એવી રીતે ઘૂમાવવું કે બીજાને ડર લાગે અને પૂજાની વિધિ-વિધાનમાં દુવિધા ઉત્પન્ન થાય.



**સવારની પૂજાથી રાતના પાપ નાશ પામે.**
**બપોરની પૂજાથી આ ભવના પાપ નાશ પામે.**
**સાંજની પૂજાથી સાત ભવના પાપ નાશ પામે.**



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ચામર નૃત્યની વિધિ



- ✓ ચામર નૃત્ય પરમાત્મ ભક્તિમાં લીન થવાનો અને ભગવાનના સેવક રૂપે પ્રસન્નતા વ્યક્ત કરવાનો સુંદર ઉપાય છે એમ માનીને અવશ્ય ચામર નૃત્ય કરવું. શરમ રાખવી નહીં.
- ✓ ચામરને ઉપરોક્ત રીતે બહુમાન-ભાવપૂર્વક ફેરવવું.
- ✓ ઉચિત સ્થાન પર ઊભા રહીને ધીરે ધીરે પગને નચાવતા અને ડાબા હાથથી નૃત્યનો અભિનય કરતા જમણા હાથથી ચામર નૃત્ય કરવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દર્પણ દર્શન / પંખો ઢાલવાની અવિધિ



- × દર્પણમાં પોતાનું મુખ જોવું.
- × પોતાના મુખ ઉપર પંખો ઢાલવો.
- × મોરપીંછનો પંખાના રૂપમાં ઉપયોગ કરવો.

**"હું ભગવાનનો સેવક બનીને સેવાભક્તિ કરું" આવી ભાવનાથી પંખો ઢાલવો જોઈએ.**

**દેરાસરમાં જે-તે ફોટાઓ લટકાવી પૂજા કરવી ઉચિત નથી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# દર્પણ દર્શન / પંખો ઢાલવાની વિધિ



- ✓ દર્પણમાં ભગવાનનું મુખ જોવું.
- ✓ દર્પણમાં પ્રતિબિંબિત ભગવાનને પંખો ઢાલવો.
- ✓ મોરપીંછનો નહીં, પરન્તુ પંખાનો જ ઉપયોગ કરવો.

**આપણા સ્વચ્છ નિર્મલ હૃદયમાં ભગવાનનું પ્રતિબિંબ પડે છે આવી ભાવનાથી દર્પણમાં ભગવાનના મુખના દર્શન કરવા. (દર્પણદર્શન અષ્ટમંગલમાંથી એક મંગલ પણ મનાય છે.)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અક્ષત પૂજામાં અવિધિ



- × કાંકરા, ધનેરાં આદિથી યુક્ત ખંડિત કે હલકા અક્ષત (ચોખા) વાપરવા તથા સાફ કર્યા વિના પૂજાની પેટીમાં ભરી દેવા.
- × સાથિયો (અક્ષત પૂજા) કરતા કરતા પ્રક્ષાલ આદિ અન્ય કાર્ય કરવા ઊભા થવું.
- × દુહો-મંત્ર કંઠસ્થ હોવા છતાં બોલવા નહીં.
- × પહેલાં સિદ્ધશિલા કરવી પછી ત્રણ ઢગલી અને સ્વસ્તિક કરવો. અથવા પહેલાં ત્રણ ઢગલી, સિદ્ધશિલા અને સ્વસ્તિક કરવો.
- × દેરાસરમાંથી જતી વખતે અક્ષત(ચોખા) નૈવેદ્ય, ફૂલ, પાટલો વગેરે ત્યાં જ રાખી મૂકવા.
- × અક્ષત પૂજા કરતા કરતા ''સકલ કુશલ૦'' ચૈત્યવંદનની ક્રિયા ચાલુ કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અક્ષત પૂજાની વિધિ



- ✓ કાંકરા, ધનેરાં, કિટાણું આદિથી રહિત અખંડિત ઉત્તમ પ્રકારના અક્ષત (ચોખા) વાપરવા. ચોખા સાફ કરીને પૂજાની પેટીમાં ભરવા.
- ✓ સાથિયો (અક્ષત પૂજા) કરતા કરતા પ્રક્ષાલ આદિ અન્ય કાર્યનો સર્વથા ત્યાગ કરવો.
- ✓ દુહો-મંત્ર બોલીને અનામિકા અને તર્જની (અંગૂઠા પછીની) આંગળીથી અક્ષત પૂજા કરવી.
- ✓ સ્વસ્તિક, ત્રણ ઢગલી અને સિદ્ધશિલા આ ક્રમથી અક્ષત પૂજા કરવી.
- ✓ દેરાસરમાંથી જતા પહેલાં અક્ષત, નૈવેદ્ય, ફલ, પાટલો વગેરે ઉચિત સ્થાન પર મૂકી દેવા. સાથિયાપર મુકેલા પૈસા સ્વહસ્તે ભંડારમાં નાંખવા.
- ✓ સાથિયો (અક્ષત પૂજા) કરતા કરતા ચૈત્યવંદન કરવું નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ......નૈવેદ્ય-ફલ પૂજામાં અવિધિ............



- બજારની મીઠાઈ, પીપરમેંટ, બિસ્કીટ, ચોકલેટ વગેરે અભક્ષ્ય ચીજો વાપરવી, નૈવેદ્ય-ફળ પૂજાના દુહા-મંત્ર બોલવા નહીં.
- નૈવેદ્ય સિદ્ધશિલા ઉપર ચઢાવવું અને ફળ સાથિયા ઉપર ચઢાવવું.
- સડેલા, ઉતરી ગયેલા, બોર, જાંબૂ આદિ તુચ્છ ફલો ચઢાવવા.
- પૂજા પછી નૈવેદ્ય-ફળને ત્યાં જ રાખી મૂકવા... જેથી કીડી વગેરે ચઢે એની વિરાધના થાય.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........નૈવેદ્ય-ફલ પૂજાની વિધિ..........



- ✓ શ્રેષ્ઠ દ્રવ્યોથી ઘરમાં બનાવેલી મીઠાઈ અથવા ખડી સાકર વગેરેથી નૈવેદ્ય પૂજા કરવી.
- ✓ થાળીમાં પ્રથમ નૈવેદ્ય લઈ ભગવાન સન્મુખ ધરી નૈવેદ્યના મંત્ર-દુહો બોલી પછી નૈવેદ્ય સાથિયા પર ચઢાવવું.
- ✓ એજ પ્રમાણે ફળપૂજા કરવી (મંત્ર-દુહા ફળ-પૂજાના) ફળ સિદ્ધશીલા પર ચઢાવવું.
- ✓ સારા અને ઋતુને અનુરૂપ ઉત્તમ ફળો ચઢાવવા. શ્રીફળ, સોપારી, બદામ વગેરે ને ફળ તરીકે ચઢાવી શકાય છે.
- ✓ પૂજા પછી નૈવેદ્ય-ફળ ઉચિત સ્થાન પર મૂકી દેવા જેથી કીડી વગેરે ચઢે નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ખમાસમણા દેવાની અવિધિ



× ભૂમિપ્રમાર્જન કર્યા વિના ખમાસમણા આપવા.

× ‘‘ઈચ્છામિ ખમાસમણો’’ સૂત્ર બોલ્યા વિના અથવા સૂત્ર પૂર્ણ થાય તે પહેલાં બે/ત્રણ ખમાસમણા આપવા.

× ‘‘મત્થએણ વંદામિ’’ બોલતી વખતે માથું ભૂમિને અડાડવું નહીં.

× પોતાના શરીરના પાંચ અંગનો ભૂમિસાથે સ્પર્શ કરાવવો નહીં.

× શરીરનું પ્રમાર્જન કર્યા વિના ખમાસમણા દેવા.

× દંડ-બેઠક કરતા હોઈએ એ રીતે બે હાથ જમીન ઉપર ટેકવીને ખમાસમણા દેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ખમાસમણા દેવાની વિધિ



- ✓ પોતાના ખેસથી ત્રણ વાર ભૂમિ પ્રમાર્જન કરીને ખમાસમણા આપવા.
- ✓ ''ઈચ્છામિ ખમાસમણો'' સૂત્ર બોલીને ખમાસમણા દેવા.
- ✓ ખમાસમણ સૂત્ર આ પ્રમાણે બોલવું - મસ્તક ઉપર અંજલિ કરીને ''ઈચ્છામિ ખમાસમણો વંદિઉં'' આટલું બોલવું. પછી... મસ્તકને જરા નમાવીને જાવણીજ્જાએ નિસીહીયાએ આટલું બોલવું. પછી ખેસ અથવા રૂમાલથી હાથ-પગ, મસ્તક, જમીનનું પ્રમાર્જન કરીને બે ઘુંટણ સુધી પગને વાળી, અજંલિબદ્ધ બે હથેલી અને મસ્તક જમીન ઉપર લગાવીને મત્થએણ વંદામિ'' બોલવું.
- ✓ ફરી બીજીવાર વ્યવસ્થિત ઊભા થઈને આજ પ્રમાણે ખમાસમણા દેવા.
- ✓ પ્રતિદિન પ્રત્યેક ભગવાનને ત્રણ ખમાસમણા આપવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........ચૈત્યવંદન કરવામાં અવિધિ..........

- × ચૈત્યવંદન કરતાં પહેલાં ત્રીજી નિસીહી બોલવી નહીં.
- × "ઈરિયાવહિયા" કર્યા વિના અને ત્રણ ખમાસમણા આપ્યા વિના ચૈત્યવંદન કરવું.
- × બંને પગ ઊભા કરીને, જમણો પગ ઊભો રાખી, બંને ઘુંટણ જમીન ઉપર રાખીને, અથવા પલાંઠી વાળીને લાટસાહેબની જેમ આરામથી બેસીને ચૈત્યવંદન કરવું.
- × દિવાલ, ભંડાર, થાંભલો આદિના સહારે બેસીને ચૈત્યવંદન કરવું.
- × ચૈત્યવંદન કરતી વખતે આમ તેમ જોયા કરવું, દૃષ્ટિને સ્થિર રાખવી નહીં.
- × વાતો કરતા કરતા, હસતાં હસતાં અક્ષત પૂજા (સાથિયો) કરતા કરતા "ઈરિયાવહિયં૦" "સકલકુશલ૦" આદિ ચૈત્યવંદનના સૂત્રો બોલવા.
- × ચૈત્યવંદન કરતા કરતા પ્રક્ષાલ પૂજા, ચંદન પૂજા આદિ દ્રવ્યપૂજા કરવા ઉઠવું.
- × ચૈત્યવંદન કરતી વખતે પચ્ચક્ખાણ લેવું આપવું કે માંગવું. (ચૈત્યવંદન કરી રહેલા પૂજ્ય સાધુ-સાધ્વી મહારાજ આદિ પાસે પચ્ચક્ખાણ માંગવું)
- × ચૈત્યવંદન કરતા કરતા ઝોકું ખાવું અને સૂત્ર-અર્થનું ધ્યાન રાખવું નહીં.
- × ચૈત્યવંદનમાં સ્તવન બોલવું નહીં. અથવા આધુનિક અર્થહીન ભાવરહિત ગીત બોલવું.
- × ચૈત્યવંદન થયા પછી અવિધિ આશાતનાનું મિચ્છામિ દુક્કડં દેવું નહી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........ચૈત્યવંદન કરવાની વિધિ..........

- ✓ ચૈત્યવંદન કરતા પહેલાં ત્રીજી વખત "નિસીહી, નિસીહી, નિસીહી" બોલવી. આ બોલવાથી દ્રવ્યપૂજાનો ત્યાગ થાય છે. અને ભાવપૂજાનો પ્રારંભ થાય છે.
- ✓ ખેસથી ત્રણવાર ભૂમિ પ્રમાર્જન કરીને "ઈરિયાવહિયા" કર્યા પછી ત્રણ ખમાસમણા ખમાસમણાની વિધિપૂર્વક આપી ચૈત્યવંદન શરુ કરવું.
- ✓ જમણો પગ જમીન ઉપર રાખીને તથા ડાબા પગનો ઘુંટણ ઊભો રાખીને ફોટામાં બતાવેલ મુદ્રામાં બેસીને ચૈત્યવંદન કરવું.
- ✓ જાવંતિ ચેઈયાઈં, જાવંત કેવિ. જયવીયરાય સૂત્ર મુકતાશુક્તિ મુદ્રામાં બોલવા. (બંને હાથની આંગળીઓના ટેરવા સામ સામે અડાડી હથેલી વચ્ચે થોડું પોલાણ રાખી છીપના આકારનો સંપુટ બનાવવો તેને મુક્તાશુક્તિ મુદ્રા કહે છે. નીચેનો ફોટો જૂઓ.)
- ✓ કોઈપણ પ્રકારનો સહારો લીધા વિના ચૈત્યવંદન કરવું.
- ✓ ત્રણે દિશાનો ત્યાગ કરીને, માત્ર પરમાત્મા સામે દૃષ્ટિ રાખીને ચૈત્યવંદન કરવું.
- ✓ આડી અવલી કોઈ વાત કર્યા વિના ચૈત્યવંદન કરવું. તથા અક્ષત પૂજા આદિ કર્યા પછીજ ચૈત્યવંદન ચાલુ કરવું.
- ✓ ચૈત્યવંદન વખતે કોઈ પણ પ્રકારની દ્રવ્યપૂજા કરવા ઉઠવું નહીં.
- ✓ ચૈત્યવંદન કરતી વખતે પચ્ચક્ખાણ લેવું નહીં, કોઈને આપવું નહીં, ચૈત્યવંદન કરી રહેલા પૂજ્ય સાધુ-સાધ્વી પાસે માંગવું નહીં.
- ✓ મનને સ્થિર કરીને ચૈત્યવંદના સૂત્ર અને અર્થ ઉપર ધ્યાન રાખવું તથા તેનું ચિંતન કરવું.
- ✓ અર્થ ગંભીર પ્રાચીન એક સ્તવન તો અવશ્ય બોલવું અથવા ઉવસગ્ગહરં બોલવું.
- ✓ ચૈત્યવંદન, કાઉસ્સગ્ગ અને પચ્ચક્ખાણ થયા પછી એક ખમાસમણું આપીને ભૂમિ ઉપર જમણો હાથી રાખી "અવિધિ આશાતના મિચ્છામિ દુક્કડં" આ પ્રમાણે બોલવું જોઈએ.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કાઉસ્સગ્ગ કરવામાં અવિધિ



- × બેસીને કાઉસ્સગ્ગ કરવો.
- × દિવાલ, ભંડાર, થાંભલો વગેરે ના ટેકે ઊભા રહેવું.
- × કાઉસ્સગ્ગમાં વાતો કરવી.
- × હોઠ ને ફફડાવતા અથવા જોર થી નવકાર બોલીને કાઉસ્સગ્ગ કરવો.
- × કાઉસ્સગ્ગમાં વાંકા /ચુંકા કે પગને લાંબા કરીને ઊભા રહેવું.
- × કાઉસ્સગ્ગમાં આમ / તેમ જોવું કે હસ્યા કરવું.
- × "નમો રહત્ સિદ્ધચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યમ્" આ રીતે બિલકુલ અશુદ્ધ પાઠ બોલીને થોય-સ્તુતિ બોલવી.
- × સ્તુતિ (થોય) પછી એક ખમાસમણું આપ્યા વિના જતા રહેવું.
- × પચ્ચક્ખાણ લેવું નહીં.
- × ચોખા, ફળ નૈવેદ્ય, પાટલો વગેરે યોગ્ય સ્થાને મૂકવા નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# કાઉસ્સગ્ગ કરવાની વિધિ



- ✓ ઉભા થઈને કાઉસ્સગ્ગ કરવો. કોઈ પણ સાધનનો ટેકો લેવો નહીં.
- ✓ હોઠ ને બંધ રાખીને મનમાં નવકારનો કાઉસ્સગ્ગ કરવો (જો ઈરિયાવહિયંનો કાઉસ્સગ્ગ હોય તો કાઉસ્સગ્ગમાં લોગસ્સ સૂત્ર ચિંતવવું.)
- ✓ ઉપરના ફોટામાં બતાવેલ કાઉસ્સગ્ગ / જિન મુદ્રામાં ઉભા રહીને કાઉસ્સગ્ગ કરવો.
- ✓ કાઉસ્સગ્ગ વખતે ભગવાન સામે અથવા આપણી નાસિકા ઉપર દૃષ્ટિ રાખવી.
- ✓ થોય બોલતા પહેલાં ''નમોડર્હત્ સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ'' આ રીતે શુદ્ધ પાઠ બોલી પછી જ સ્તુતિ-થોય બોલવી. (બહેનોએ નમોડર્હત્ સૂત્ર બોલવું નહીં.)
- ✓ મૂલનાયક ભગવાનની અથવા કોઈપણ ભાવવાહી થોય બોલવી, પછી એક ખમાસમણું આપવું.
- ✓ પચ્ચક્ખાણ લેવાનું હોય સ્તુતિ-થોય પછી એક ખમાસમણું આપવું અને ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણ કરાવશોજી આ પ્રમાણે આદેશ માંગી પચ્ચક્ખાણ કરવું. પછી ફરી એક ખમાસમણું આપવું.
- ✓ ચોખા, ફળ, નૈવેદ્ય, પાટલો વગેરે યોગ્ય સ્થાને મૂકી દેવા.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ॥ ચૈત્યવંદન વિધિ ॥

**ખમાસમણ સૂત્ર** :- ઇચ્છામિ ખમાસમણો વંદિઉં, જાવણિજ્જાએ, નિસિહિઆએ, મત્થએણ વંદામિ।

**ઇરિયાવહિયા સૂત્ર** :- ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઇરિયાવહિયં પડિક્કમામિ? ઇચ્છં, ઇચ્છામિ પડિક્કમિઉં, ॥૧॥ ઇરિયાવહિયાએ વિરાહણાએ, ॥૨॥ ગમણાગમણે, ॥૩॥ પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ પણગ-દગમટ્ટી-મક્કડા સંતાણા સંકમણે, ॥૪॥ જે મે જીવા વિરાહિયા, ॥૫॥ એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા પંચિંદિયા ॥૬॥ અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, ॥૭॥ તસ્સ મિચ્છામિ દુક્કડં. ॥૮॥

**તસ્સ ઉત્તરી કરણેણં સૂત્ર** :- તસ્સ ઉત્તરીકરણેણં, પાયચ્છિત્તકરણેણં, વિસોહીકરણેણં, વિસલ્લીકરણેણં, પાવાણં કમ્માણં, નિગ્ઘાયણટ્ઠાએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૧॥

**અન્નત્થ સૂત્ર** :- અન્નત્થઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, ભમલીએ પિત્તમુચ્છાએ ॥૧॥ સુહુમેહિં અંગસંચાલેહિં, સુહુમેહિં ખેલસંચાલેહિં, સુહુમેહિં દિટ્ઠિસંચાલેહિં, ॥૨॥ એવમાઇએહિં આગારેહિં અભગ્ગો, અવિરાહિઓ, હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥૩॥ જાવ અરિહંતાણં ભગવંતાણં, નમુક્કારેણં ન પારેમિ ॥૪॥ તાવ કાયં ઠાણેણં મોણેણં ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥૫॥ (આના પછી ચંદેસુ. સુધી લોગસ્સ અથવા ચાર નવકારનો કાઉસ્સગ્ગ જિનમુદ્રામાં કરવો, પછી પ્રગટ લોગસ્સ બોલવો.)



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



**લોગસ્સ સૂત્ર :-** લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે । અરિહંતે કિત્તઈસ્સં ચઉવિસંપિ કેવલી ॥૧॥ ઉસભ મજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ । પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥૨॥ સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલસિજ્જંસ વાસુપૂજ્જં ચ । વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥૩॥ કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ; વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥૪॥ એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા ॥ ચઉવીસંપિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ ॥૫॥ કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા । આરુગ્ગબોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥૬॥ ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા સાગરવર ગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥૭॥

(વિધિપૂર્વક ત્રણ ખમાસમણા આપી...)

ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઇચ્છં (કહીને ડાબો ઢીંચણ ઊભો રાખી ચૈત્યવંદન મુદ્રામાં બેસવું.)

**સકલકુશલવલ્લી, પુષ્કરાવર્તમેઘો, દુરિતતિમિરભાનુઃ કલ્પવૃક્ષોપમાનઃ ।**
**ભવજલનિધિપોતઃ સર્વસંપત્તિહેતુઃ, સ ભવતુ સતતં વઃ શ્રેયસે શાન્તિનાથઃ શ્રેયસે પાર્શ્વનાથઃ ॥**

તુજ મૂરતિ ને નિરખવા નયણા મુઝ તલસે ।
તુજ ગુણ ગાણ ને બોલવા, રસણા મુઝ હરખે ॥૧॥
કાયા અતિ આનંદ મુઝ, તુઝ પદયુગ ફરસે ।
તો સેવક ને તાર્યા વિના, કહો કિમ હવે સરશે ॥૨॥
એમ જાણીને સાહિબા એ, નેક નજર મોહે જોય,
જ્ઞાનવિમલ પ્રભુ નજરથી, તે શું જે નવિ હોય ॥૩॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

**જંકિંચિ** :- જંકિંચિ નામ તિત્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ; જાઈ જિણબિંબાઈ, તાઈ સવ્વાઈ વંદામિ ॥૧॥

**નમુત્થુણં યા શક્રસ્તવ** :- નમુત્થુણં અરિહંતાણં, ભગવંતાણં, ॥૧॥ આઈગરાણં, તિત્થયરાણં સયંસંબુદ્ધાણં ॥૨॥ પુરિસુત્તમાણં, પુરિસસીહાણં, પુરિસવરપુઁડરીયાણં, પુરિસવરગંધહત્થીણં ॥૩॥ લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં ॥૪॥ અભયદયાણં, ચક્ખુદયાણં મગ્ગદયાણં, સરણદયાણં, બોહિદયાણં ॥૫॥ ધમ્મદયાણં, ધમ્મદેસયાણં, ધમ્મનાયગાણં ધમ્મસારહીણં, ધમ્મવર ચાઉરંત ચક્કવટ્ટીણં અપ્પડિહય વરનાણદંસણધરાણં વિયટ્ટછઉમાણં ॥૭॥ જિણાણં જાવયાણં, તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં, મુત્તાણં મોઅગાણં ॥૮॥ સવ્વન્નૂણં સવ્વદરિસીણં, સિવ-મયલ-મરુઅ-મણંત-મક્ખય-મવ્વાબાહ-મપુણરાવિત્તિ, સિદ્ધિગઈ નામધેયં ઠાણં સંપત્તાણં, નમો જિણાણં જિઅભયાણં ॥૯॥ જે અ અઈયા સિદ્ધા, જે અ ભવિસ્સંતિ ણાગએ કાલે; સંપઈ અ વટ્ટમાણા, સવ્વે તિવિહેણ વંદામિ ॥૧૦॥

**જાવંતિ ચેઈઆઈં** :- જાવંતિ ચેઈઆઈં, ઉઢ્ઢે અ અહે અ તિરિઅલોએ અ। સવ્વાઈં તાઈં વંદે, ઈહ સંતો તત્થ સંતાઈં ॥૧॥

**જાવંત કે વિ સાહૂ** :- જાવંત કે વિ સાહૂ, ભરહેરવયમહાવિદેહે અ। સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડ વિરયાણં ॥૧॥




**નમસ્કાર** :- નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાય સર્વસાધુભ્યઃ। (અહીં મધુરસ્વરે સ્તવન બોલવું.)

જિન તેરે ચરણ કી શરણ ગ્રહું; હૃદય કમલ મેં ધ્યાન ધરત હું, શિર તુજ આણ વહું. જિન. ॥૧॥ તુમસમ ખોલ્યો દેવ ખલક મે, પેખ્યો નહીં કબહુ. જિન. ॥૨॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



તેરે ગુણોંકી જપું જપમાલા, અહનિશ પાપ દહું. જિન. ॥૩॥ મેરે મનકી તુમ સબ જાણો, કયા મુખ બહોત કહું. જિન. ॥૪॥ કહે જસવિજય કરો ત્યું સાહિબ, જયું ભવદુઃખ ન લહુ. જિન ॥૫॥ (હાથ જોડીને)

**જય વીયરાય** :- જય વીયરાય જગગુરુ, હોઉ મમં તુહ પભાવઓ ભયવં ભવનિવ્વેઓ મગ્ગાણુસારિયા ઇટ્ઠફલસિદ્ધિ ॥૧॥ લોગવિરુદ્ધચ્ચાઓ, ગુરુજણપૂઆ પરત્થકરણં ચ, સુહગુરુજોગો તવ્વયણસેવણા આભવમખંડા ॥૨॥ વારિજ્જઈ જઈ વિ નિઆણબંધણં વીયરાય ! તુહ સમએ; તહવિ મમ હુજ્જ સેવા, ભવે ભવે તુમ્હ ચલનાણં ॥૩॥ દુક્ખક્ખઓ કમ્મક્ખઓ, સમાહિમરણં ચ બોહિલાભો અ; સંપજ્જઉ મહ એઅં, તુહ નાહ ! પણામકરણેણં ॥૪॥ સર્વમંગલમાંગલ્યં, સર્વકલ્યાણકારણં, પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્ ॥૫॥ (ઊભા થવું)

**અરિહંતચેઇઆણં** :- અરિહંતચેઇઆણં કરેમિ કાઉસ્સગ્ગં ॥૧॥ વંદણવત્તિયાએ, પૂઅણવત્તિયાએ, સક્કારવત્તિયાએ, સમ્માણવત્તિયાએ બોહિલાભવત્તિયાએ, નિરુવસગ્ગવત્તિયાએ ॥૨॥ સદ્ધાએ, મેહાએ, ધિઈએ, ધારણાએ, અણુપ્પેહાએ, વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગ્ગં ॥૩॥ (પછી ''અન્નત્થસૂત્ર'' બોલવું. પછી એક નવકારનો કાઉસ્સગ્ગ કરીને નમોર્હત્ બોલી થોય બોલવી. પછી ખમાસમણું આપવું.)

## થોય-સ્તુતિ

જે દૃષ્ટિ પ્રભુ દર્શન કરે, તે દૃષ્ટિને પણ ધન્ય છે,
જે જીભ જિનવર ને સ્તવે, તે જીભ ને પણ ધન્ય છે
પીએ મુદા વાણી સુધા, તે કર્ણયુગ ને ધન્ય છે
તુજ નામ મંત્ર વિશદ ધરે, તે હૃદય ને પણ ધન્ય છે ।

**પછી ... ભગવાનની આંખ સામે આંખ મિલાવી, અનિમેષ નજરે બે મીનીટ બેસી રહો.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........દેરાસરમાંથી નિકળતી વખતે અવિધિ..............



× ભગવાનને પીઠ કરીને બહાર નીકળવું.

× ભગવાન સન્મુખ અથવા અન્યત્ર મુખ રાખીને ઉંધા પગે જતી વખતે બેધ્યાનથી પાટલા વગેરે કે અન્ય વ્યક્તિની સાથે અથડાવું અથવા થાંભલા સાથે ટક્કર લાગવી.

× વાતો કરતા કરતા બહાર જવું.

× હાશ ! હવે છૂટ્યા આવી ભાવનાથી નીકળવું.

× ઘંટનાદ કર્યા વગર બહાર જવું અને રકમ ભંડારમાં પૂર્યા વગર જવું.

× બહાર પગ મૂકતી વખતે "આવસ્સહી આવસ્સહી આવસ્સહી" બોલવી નહીં.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ........દેરાસરમાંથી નિકળતી વખતની વિધિ..........



✓ ભગવાન સન્મુખ મુખ રાખીને ભગવાનને પીઠ ન થાય તે રીતે એક બાજુથી નીકળવું.

✓ ભગવાનને ઝુકતા ઝુકતા અને કોઈ પણ સાથે અથડામણ ન થાય તે રીતે મૌનપૂર્વક બહાર નીકળવું.

✓ ભગવાનની દ્રવ્ય-ભાવ પૂજાનાં આનંદની સાથે તથા પાપના સ્થાનભૂત ઘરમાં જવું પડે છે, એના ખેદસાથે પરમાત્માને દિલમાં ધારણ કરીને ધીરે ધીરે દેરાસરમાંથી બહાર જવું.

✓ વિધિપૂર્વક ધીરેથી એકવખત ઘંટનાદ કરવો. શક્તિઅનુસાર રકમ ભંડારમાં પૂરીને જવું.

✓ બહાર પગ મુકતી વખતે ''આવસ્સહી આવસ્સહી આવસ્સહી'' બોલવી.

**છેલ્લે મૂળનાયક ભગવાનનો ૧૨, ૨૧, કે ૨૭ વાર જાપ કરવો જેમકે 'श्री ऋषभदेवाय नमः' નજર ભગવાનની આંખ સામે રાખવી.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# નમણજલ (પ્રક્ષાલજલ) લગાડવામાં અવિધિ



× નમણજલના કટોરામાં પાંચે આંગળીઓ ડુબાવીને નમણ લેવું અને પેટ પર વિલેપન કરવું.

× શરીરના મન ફાવે તે સ્થાન ઉપર લગાડવું.

× નમણજલને જમીન ઉપર ઢોળવું કે ઢળી જવું.

**NOTE :** પૂજા કર્યા પછી તથા નમણજલ લગાવ્યા પછી હાથધોવા જરૂરી છે.
ચંદન, કેસર, નમણજલનો જરા પણ અંશ પોતાની આંગળી હથેલી કે નખ વગેરેમાં રહેવો જોઈએ નહીં.
નખ વગેરેમાં રહેલા તે ચંદન આદિનો એક અંશ પણ ભોજન વખતે મુખમાં જાય તો દેવદ્રવ્ય ભક્ષણનું મહા પાપ લાગે છે.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ન્હવણજલ (પ્રક્ષાલજલ) લગાડવાની વિધિ

- ✓ ન્હવણજળના પાત્રમાં આંગળી નાખવી નહીં. પણ ડાબા હાથની હથેલીમાં ૧-૨ ટીપા લઈ પછી જમણા હાથે આંખ વગેરે પર લગાડવું.
- ✓ પવિત્રતમ પરમાત્માના શરીરના સ્પર્શથી પવિત્ર બનેલું સ્નપનજલ "મારી આંખોના વિકારો દૂર કરો, મારામાં જિનવાણી શ્રવણરૂચિ ઉત્પન્ન કરો, મારા મસ્તકઉપર સદા જિનાજ્ઞા રહો, અને મારા હૃદયમાં સદા ભગવાનનો વાસ હો", આવી ઉત્તમ ભાવનાથી આંખ, કાન, મસ્તક, હૃદય ઉપર લગાડવું.
- ✓ જમીન ઉપર પાડવું નહીં, કેમકે પગમાં આવવાથી આશાતના લાગે છે.



**NOTE :** હાથને બરાબર ઉચિત પાણીથી સાફ કરીને પછી અન્ય પ્રવૃત્તિમાં પ્રવૃત્ત થવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# .......ઓટલા ઉપર બેસવામાં અવિધિ..........

- × ભગવાન તથા દેરાસરને પીઠ કરીને બેસવું.
- × રસ્તામાં કે પગથીયા વચ્ચે બેસવું.
- × આવતા / જતા લોકોને ઊભા રાખી વાતો કરવી.
- × આંખો ખુલ્લી રાખી આવતા-જતા લોકોને જોતા રહેવું.
- × હાશ ! હવે છૂટ્યા આવ ભાવથી ઊભા થઈને ચાલતી પકડવી.



**સાંજે આરતિ ઉતારતા પહેલા પરમાત્માની છડી પોકારવી. સમુદાયમાં આરતિ ઉતારવી. સાથે ચામર-પંખા વીંઝવા, ઘંટનાદ, શંખનાદ કરવો.**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ..........ઓટલા ઉપર બેસવાની વિધિ..........



- ✓ ભગવાન તથા દેરાસરને પીઠ ન થાય તે રીતે બેસવું.
- ✓ એક બાજુ (રસ્તો-પગથીયા છોડીને) જઈને બેસવું.
- ✓ મૌનપૂર્વક બેસવું.
- ✓ આંખો બંધ રાખી મનમાં ત્રણ નવકાર ગણવા તથા હૃદયમાં રહેલા ભગવાનના ભાવથી દર્શન કરવા.
- ✓ 'મારું દુર્ભાગ્ય છે કે ભગવાનને છોડી ઘરે જવું પડે છે.' આવા ભાવથી ધીરે ઊઠવું અને જયણાપૂર્વક ઘરે જવું.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# અષ્ટપ્રકારી પૂજાના દુહા



**૧) જલ પૂજાના દુહા :-** જલપૂજા જુગતે કરો, મેલ અનાદિ વિનાશ; જલપૂજા ફલ મુજ હજો, માંગો એમ પ્રભુ પાસ ।૧।

મંત્ર :- ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય જલં યજામહે સ્વાહા।



**૨) બરાસ / ચંદન પૂજાના દુહા :-** શીતલ ગુણ જેહમાં રહ્યો, શીતલ પ્રભુ મુખ રંગ; આત્મ શીતલ કરવા ભણી, પૂજો અરિહા અંગ ।૨।

મંત્ર :- ૐ હ્રીઁ શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ચંદનં યજામહે સ્વાહા।

નવાંગી પૂજાના દુહા :-

જલ ભરી સંપુટ પત્રમાં, યુગલિક નર પૂજંત;<br>
ઋષભ ચરણ અંગૂઠડે, દાયક ભવજલ અંત ૧ **(પ્રભુના ડાબા-જમણા અંગુઠે તિલક કરવું)**

જાનુબળે કાઉસ્સગ્ગ રહ્યા, વિચર્યા દેશ વિદેશ;<br>
ખડાં ખડાં કેવળ લહ્યું, પૂજો જાનુનરેશ ૨ **(પ્રભુના ડાબા-જમણા ઢીંચણે તિલક કરવું)**

લોકાંતિક વચને કરી, વરસ્યાં વરસી-દાન;<br>
કર કાંડે પ્રભુ પૂજના, પૂજો ભવિ બહુમાન ૩ **(પ્રભુના ડાબા-જમણા કાંડે તિલક કરવું)**

માન ગયું દોય અંસથી, દેખી વીર્ય અનંત;<br>
ભુજાબળે ભવજલે તર્યા, પૂજો ખંધ મહંત ૪ **(પ્રભુના ડાબા-જમણા ખભે તિલક કરવું)**

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

સિદ્ધશિલા ગુણ ઉજળી, લોકાંતે ભગવંત;

વસિયા તેણે કારણ ભવી, શિરશિખા પૂજંત ૫ (પ્રભુના મસ્તક-શિખા ઉપર તિલક કરવું)

તીર્થંકર પદ પુણ્યથી, ત્રિભુવન જન સેવંત

ત્રિભુવન તિલક સમા પ્રભુ, ભાલ તિલક જયવંત ૬ (પ્રભુના કપાળ ઉપર તિલક કરવું)

સોળ પહોર પ્રભુ દેશના, કંઠે વિવર વર્તુળ;

મધુર ધ્વનિ સુર નર સુણે, તેણે ગળે તિલક અમૂલ ૭ (પ્રભુના કંઠ ઉપર તિલક કરવું)

હૃદય કમળ ઉપશમ બળે, બાળ્યા રાગ ને રોષ;

હિમ દહે વનખંડને, હૃદય તિલક સંતોષ ૮ (પ્રભુની છાતી ઉપર તિલક કરવું)

રત્નત્રયી ગુણ ઉજળી, સકળ સુગુણ વિશ્રામ;

નાભિ કમલની પૂજના, કરતાં અવિચલ ધામ ૯ (પ્રભુના નાભિ ઉપર તિલક કરવું)

**૩) પુષ્પ પૂજાના દુહા** :- સુરભિ અખંડ કુસુમ ગ્રહી, પૂજો ગતસંતાપ; સુમ-જંતુ ભવ્યજ પરે, કરીયે સમકિત છાપ ।૩।



મંત્ર :- ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય પુષ્પં યજામહે સ્વાહા ॥

**૪) ધૂપ પૂજાના દુહા** :- ધ્યાનઘટા પ્રગટાવીયે, વામનયન જિન ધૂપ; મિચ્છત્ત દુર્ગંધ દૂર ટળે, પ્રગટે આત્મ-સ્વરુપ ।૪।

મંત્ર :- ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ધૂપં યજામહે સ્વાહા ॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

## ૫) દીપક પૂજાના દુહા



દ્રવ્ય દીપ સુવિવેકથી, કરતાં દુઃખ હોય ફોક;

ભાવ પ્રદીપ પ્રગટ હુએ, ભાસિત લોકાલોક ।૫।

મંત્ર :- ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય દીપમાલાં યજામહે સ્વાહા ॥

## ૬) અક્ષત પૂજાના દુહા



શુદ્ધ અખંડ અક્ષત ગ્રહી, નંદાવર્ત્ત વિશાલ;

પૂરી પ્રભુ સન્મુખ રહો, ટાલી સકલ જંજાલ ।૬।

મંત્ર :- ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય અક્ષતં યજામહે સ્વાહા ॥

## ૭) નૈવેદ્ય પૂજાના દુહા



અણાહારી પદ મેં કર્યા, વિગ્ગહ-ગઈય અનંત;

દૂર કરી તે દિજીએ, અણાહારી શિવ સંત ।૭।

મંત્ર :- ૐ હ્રીં શ્રી પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય નૈવેદ્યં યજામહે સ્વાહા ॥

## ૮) ફલ પૂજાના દુહા



ઈન્દ્રાદિક પૂજા ભણી, ફલ લાવો ધરી રાગ;

પુરુષોત્તમ પૂજા કરી, માંગો શિવફલ ત્યાગ ।૮।

મંત્ર :- ૐ હ્રીં પરમપુરુષાય પરમેશ્વરાય જન્મ-જરા મૃત્યુ-નિવારણાય શ્રીમતે જિનેન્દ્રાય ફલાનિ યજામહે સ્વાહા ॥

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# મંગલ આરતી



જય જય આરતી આદિ જિણંદા,
નાભિરાયા મરુદેવીકો નન્દા;
પહેલી આરતી પૂજા કીજે,
નરભવ પામીને લાહો લીજે, જય. ॥૧॥
દૂસરી આરતી દીનદયાળા,
ધુલેવા મંડપમાં જગ અજવાળા. જય. ॥૨॥
તીસરી આરતી ત્રિભુવન દેવા,
સુરનર ઈન્દ્ર કરે તોરી સેવા. જય. ॥૩॥
ચોથી આરતી ચઉ ગતિ ચૂરે,
મનવાંછિત ફળ શિવસુખ પૂરે. જય. ॥૪॥
પંચમી આરતી પુણ્ય ઉપાયા,
મૂળચન્દે ઋષભ ગુણ ગાયા. જય. ॥૫॥

# મંગલ દીવો

દીવો રે દીવો પ્રભુ મંગલિક દીવો,
આરતી ઉતારીને બહુ ચિરંજીવો, દીવો... ॥૧॥
સોહમણે ઘર પર્વ દીવાળી,
અમ્બર ખેલે અમરા બાલી, દીવો... ॥૨॥
દીપાળ ભણે એણે કુળ અજુવાળી,
ભાવે ભગતે વિઘન નિવારી, દીવો... ॥૩॥
દીપાળ ભણે એણે એ કલિકાળે,
આરતી ઉતારી રાજા કુમારપાળે, દીવો... ॥૪॥
અમ ઘર મંગલિક, તુમ ઘર મંગલિક,
મંગલિક ચતુર્વિધ સંઘ ને હોજો, દીવો... ॥૫॥



Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org

# ગુરુવંદનની વિધિ

ગુરુમહારાજ જ્યારે બેઠા હોય, ત્યારે વંદન કરવું. વંદન કરતી વખતે સૂત્રોનો ઉચ્ચાર જોર જોરથી નહીં, પરંતુ ધીમે-મીઠા સ્વરમાં કરવો, જેથી ગુરુમહારાજના કાર્યમાં વિક્ષેપ પડે નહીં. સૌથી પહેલા ઊભા થઈ, બે હાથ જોડી મસ્તકપર અંજલી જોડી, કમરથી કંઈક ઝુકીને વિધિ સહિત બે ખમાસમણ આપવા. પછી ઊભા થઈ, હાથ જોડી કાં'ક ઝુકીને નીચેનું સૂત્ર બોલવું.

ઇચ્છકાર સુહરાઈ (સુહદેવસી) સુખતપ શરીર નિરાબાધ સુખ સંજમ યાત્રા નિર્વહો છોજી ? સ્વામી શાતા છેજી ? ભાતપાણીનો લાભ દેજો જી ।

આ પછી ફરીથી ખમાસમણું આપવું. પછી ઊભા થઈ હાથ જોડી, કાં'ક ઝુકીને નીચેનું સૂત્ર બોલવું.

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર દેવસિઅં (રાઈઅં) ખામેઉં? ઇચ્છં, ખામેમિ દેવસિઅં. (રાઈઅં)

પછી નીચે જમીનપર બે ઘૂંટણ ટેકવી જમણા હાથનો પંજો જમીનપર ફેલાવી અને ડાબા હાથનો પંજો મોં પાસે રાખી બોલવું.

જંકિંચિ અપત્તિઅં, પરપત્તિયં, ભત્તે, પાણે, વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે, ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ, જંકિંચિ, મજ્ઝ, વિણયપરિહીણં, સુહુમં વા, બાયરં વા, તુબ્ભે જાણહ, અહં ન જાણામિ તસ્સ મિચ્છામિ દુક્કડં ।

પછી પાછુ ખમાસમણ આપી પચ્ચખાણ લેવું હોય, તો પચ્ચખાણ આપવા વિનંતી કરવી. બધા જ ગુરુભગવંતોને પદવી અને પર્યાયના ક્રમથી વંદન કરવા. વંદન કરતી વખતે ગુરુભગવંતનો સાડા ત્રણ હાથનો અવગ્રહ રાખવો- એટલા દૂરથી કરવા. અબ્ભુટ્ઠિઓ ખામતી વખતે હાથ ગુરુભગવંતને અડાડવાનો નથી. પણ જમીનપર રાખવાનો છે.

પછી સુખશાતા પૂછી લાભ આપવા વિનંતી કરવી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




## નવ [૧૩] અંગ

(૧) જમણો અંગૂઠો (૨) ડાબો અંગૂઠો (૩) જમણો ઘૂંટણ (૪) ડાબો ઘૂંટણ
(૫) જમણુ કાંડૂ (૬) ડાબુ કાંડૂ (૭) જમણો ખભો (૮) ડાબો ખભો
(૯) માથાની શિખા (૧૦) કપાળ (લલાટ) (૧૧) ગળુ (૧૨) છાતી (૧૩) ડૂટી.

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org




Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org



# JIN DARSHAN POOJA

VIDHI AVIDHI ILLUSTRATED




ધૂપ પૂજા | દીપક પૂજા | અક્ષત પૂજા | નૈવેદ્ય પૂજા | ફલ પૂજા

મળ્યો સહકાર માન્યો આભાર

૧. શ્રી હીરજીભાઈ ચનાભાઈ સાવલા - વીરછાયા - પરેલ (વાંકી-કચ્છ)
૨. શ્રીમતી જયાબેન ધીરજલાલ મનજી મહેતા હ : જયેશભાઈ - વિરલભાઈ - ઘાટકોપર
૩. કોકીલાબેન રમેશચંદ્ર શાહ - મુલુન્ડ
૪. માતુશ્રી પ્રભાબેન જેઠાલાલ દોશી હ : કીરિટભાઈ છાપાવાળા - મુલુન્ડ
૫. શ્રી રમણીકલાલ કેશવલાલ શાહ - મુલુન્ડ
૬. માતુશ્રી લક્ષ્મીબેન રૂગનાથ રાયચંદ ચોગઠવાળા હ : ઈંદુબેન કનૈયાલાલ શાહ પરિવાર
૭. શ્રીમતી પ્રભાબેન તલકચંદ દોશી (છાપાવાળા) મહુવા - મુલુન્ડ. હ : ભરતભાઈ
૮. માતુશ્રી સમરતબેન જેચંદભાઈ દોશી હ : નવીનભાઈ દોશી ખેરાળીવાળા
૯. ચંદ્રકાંત અમરતલાલ શાહ
૧૦. નવનીતરાય હરજીવનદાસ મહેતા

DARSHAN POOJA




MULTY GRAPHICS
(022) 23873222 / 23884222

Jain Education International For Private & Personal Use Only www.jainelibrary.org